# પ્રકરણ - ૫

# કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં રહેલ ભાવનાત્મક સંઘર્ષોનાં સૂચિત નિરાકરણ અને તેનું વિશ્લેષણ

## પ્રકરણ-૫

# કુન્દનિકા કાપડીઆની કૃતિઓમાં રહેલ ભાવનાત્મક સંઘર્ષોનાં  સૂચિત નિરાકરણ અને તેનું  વિશ્લેષણ

### પ્રસ્તાવના

વ્યક્તિ એનાં આંતર-બાહ્ય જગતમાં વિવિધ ઘટનાઓ અનુભવે છે. જેના કારણે એની ચેતનામાં એ ઘટના પ્રત્યે એક માનસિક આકૃતિ રચાય છે. આ અનુભૂતિ દરમ્યાન ઉત્તેજનાની તીવ્રતાની સાથે સુખ અથવા દુઃખની લાગણી અનુભવાય છે. જેના કારણે વ્યક્તિમાં આંતર-બાહ્ય વર્તનક્રિયાઓ થાય છે. જે એક ચોક્કસ ભાવના સ્વરૂપે ઉદ્દીપ્ત થાય છે. ઉપરોક્ત પ્રાથમિક સમજ પરથી કહી શકાય કે **“મનમાં ઊપજતી વિવિધ સુખદ અને દુ:ખદ લાગણીઓનું પ્રતિબિંબ એટલે ભાવના.”**

જિંદગીના મેળામાં માનવીને અનેક જીવ સાથે લાગણીના સંબંધ બંધાય છે. આ બધાં માટે તેનાં મનમાં પ્રેમ, નફરત, ગુસ્સો, ઈર્ષ્યા, ડર, દુઃખ જેવી ભાવનાઓનું સર્જન સમયાંતરે થયા જ કરે છે. તે મનુષ્યના મન પર ખૂબ મોટો પ્રભાવ પાડે છે. મનમાં ઉદ્દભવતી આ ભાવનાઓ પર નિયંત્રણ રાખવું મુશ્કેલ બને છે ત્યારે વ્યક્તિ પોતાના પરનો કાબૂ ગુમાવી બેસે છે. આ પરિસ્થિતિમાં તેનામાં ભાવનાત્મક સંઘર્ષ ઉત્પન્ન થાય છે. દુઃખદાયક ભાવનાઓ વ્યક્તિને અંદરથી હચમચાવી નાંખે છે. જેની ઊંડી અસરો તેના પર જોવા મળે છે. આવી ભાવનાઓ ક્યારેક એટલી બધી હાવિ થઈ જાય છે કે તે વ્યક્તિમાં માનસિક સંઘર્ષની સ્થિતિ ઉત્પન્ન કરે છે. આ સંઘર્ષ ક્યારેક ખૂબ જ પીડાદાયક પણ સાબિત થાય છે. આવો સંઘર્ષ મનુષ્યને તેના અધ:પતન તરફ ધકેલી દે છે. વધુ પડતો ભાવનાત્મક સંઘર્ષ મનુષ્ય માટે ઘાતક પણ નીવડે છે.

સંઘર્ષ કોઈપણ પ્રકારનો હોઈ શકે. તેનું નિરાકરણ મળે જ છે. ભાવનાઓ વ્યક્તિના જીવનમાં ખૂબ જ જરૂરી છે. તે સુખદ હોય કે દુઃખદ પરંતુ, તેના દ્વારા આપણને કાર્ય કરવાની પ્રેરણા મળે

છે. ભાવનાઓની તીવ્રતા મુજબ કાર્યની તીવ્રતામાં વધારો થાય છે. ભાવનાત્મક સંઘર્ષની સ્થિતિમાં એના ઉપર સંયમ રાખવો અત્યંત મહત્વનું બની રહે છે. નકારાત્મક ભાવનાઓનો અતિરેક વ્યક્તિ માટે નુકસાનદાયક સાબિત થાય છે. તેને વશ થઈ સંઘર્ષના આવેગમાં કરેલાં કાર્યમાં પસ્તાવા સિવાય કશું જ હાથ લાગતું નથી. માટે જ ભાવનાત્મક સંઘર્ષમાં એનું નિરાકરણ ખૂબ જ મહત્વનું બની રહે છે. એ જ રીતે ભાવનાત્મક સંઘર્ષમાંથી મુક્તિ મેળવવા પણ નિરાકરણ અનિવાર્ય બની રહે છે. નિરાકરણ કઈરીતે થાય છે એના પર વ્યક્તિનો વિકાસ અને પતન આધાર રાખે છે. ભાવનાત્મક સંઘર્ષની નાજુક ઘડીઓમાં જો સમજી વિચારીને પગલું ભરવામાં આવે તો એ સંઘર્ષમાંથી મુક્ત થઈ શકાય છે.

ભાવનાઓ પર નિયમન અને અંકુશ હોવો ખૂબ જ જરૂરી બની રહે છે. જીવનમાં પ્રબળ ઇચ્છા ધરાવનાર વ્યક્તિ કોઈ એક જ લક્ષ્યને વળગી રહે છે. જેના કારણે તેઓ અન્ય ગૌણ ભાવનાઓને કાબૂમાં રાખી શકે છે. ભાવનાઓના ઊર્ધ્વીકરણથી પણ એના સંઘર્ષમાંથી મુક્તિ મેળવી શકાય છે. ભાવનાત્મક સંઘર્ષમાંથી મુક્ત થવા જયારે કોઈ વ્યક્તિ સમાજસેવા, પ્રભુસેવા, સંયમ, સાદગી, પોતાના મનગમતા શોખ તરફ વળે છે ત્યારે તે ભાવનાઓનું ઊર્ધ્વીકરણ કરે છે. જેના દ્વારા ભાવનાઓનું નિયમન થાય છે. જીવનની એક નવી દિશા મળે છે. નકારાત્મક ભાવનાઓના બંધનમાંથી મુક્તિ મળે છે. આ સાથે જીવનના વિકાસનો માર્ગ પણ મોકળો બને છે. આવો સંયમ ધરાવનાર વ્યક્તિઓ પોતાની બુદ્ધિ અને શક્તિથી ભાવનાત્મક સંઘર્ષ પર કાબૂ મેળવી લે છે.

સંઘર્ષની કપરી સ્થિતિને ઓળંગી જઈ એમાંથી નવો માર્ગ કાઢે છે. અન્યની દૃષ્ટિએ આપણી જાતને જોવાથી પણ ભાવનાત્મક સંઘર્ષમાંથી મુક્ત થઈ શકાય છે. અમુક પરિસ્થિતિમાં સામેવાળી વ્યક્તિ જેવું દૃષ્ટિબિંદુ રાખવાથી સંઘર્ષની સ્થિતિમાંથી બચી શકાય છે. જે વ્યક્તિ અન્યની દૃષ્ટિ વડે પોતાની જાત તરફની આંતરિક દૃષ્ટિ કેળવે છે તે નકારાત્મક ભાવનાઓ પર કાબૂ કરી શકે છે. આ રીતે વ્યક્તિ પોતાનામાં રહેલાં દુર્ગુણો તરફ દૃષ્ટિ કેળવે છે. એને સુધારવાની તક સાંપડે છે.

ઘણીવાર નકારાત્મક ભાવનાઓનો હિંમતથી સામનો કરવાથી પણ સંઘર્ષની સ્થિતિ પર કાબૂ મેળવી શકાય છે. આમ કરવાથી પોતાનો આત્મવિશ્વાસ વધે છે. ઉદાહરણ તરીકે ક્યારેય જનમેદની

વચ્ચે ઉભા રહી વક્તવ્ય આપ્યું ન હોય તેવા વ્યક્તિને આવી સ્થિતિમાં ભય લાગે છે. પગ ધ્રૂજે છે. અવાજ તૂટવા માંડે છે. આ સ્થિતિથી નાસીપાસ થયા વગર અડગતાથી સામનો કરતાં ધીમે ધીમે આત્મવિશ્વાસ કેળવાય છે. આ જ રીતે મક્કમતાથી કરેલા પ્રદર્શન વડે જે તે કાર્યમાં નિપુણતા આવે છે. ઈશ્વર જે પણ કરે છે તે આપણા ભલા માટે જ હોય છે, જીવનમાં જે પણ સહન કરવાનું આવે, જે પણ સંઘર્ષો આવે એ બધાનું જ કંઈક મહત્વ રહ્યું છે એવા એવો સકારાત્મક ભાવ રાખવાથી પણ ભાવનાઓનું નિયમન થાય છે.

આમ, ભાવનાઓ જેમાંથી ઉદ્દીપ્ત થાય છે એ મન દ્વારા જ એને શાંત પણ કરી શકાય છે. જીવનમાં કોઈ ચોક્કસ ધ્યેય નક્કી કરવાથી, ભાવનાઓનું ઊર્ધ્વીકરણ કરવાથી, અન્યની નજરે સ્વની ઓળખ કરવાથી, પરિસ્થિતિનો તટસ્થતાપૂર્વક સામનો કરવાથી, નકારાત્મક ભાવનાઓને ઉત્તેજિત કરે એવી સ્થિતિ કે પ્રસંગોથી દૂર રહેવાથી, જે તે પરિસ્થિતિનો સ્વીકાર કરી સંતોષ માનવાથી, પરિસ્થિતિ સાથે તાદાત્મ્ય સાધવાથી, સર્જનાત્મક પ્રવૃત્તિઓ તરફ વળવાથી, ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાથી, જીવન નાશવંત છે એ સત્યને સમજવાથી, કાર્યમાં નેતૃત્વ કરવાથી ભાવનાત્મક સંઘર્ષમાંથી મુક્ત થઈ શકાય છે. આ સિવાય પ્રેમાળ, ઉત્સાહને પ્રેરે તેવા શબ્દો, યોગ્ય વાણી-વ્યવહાર અને પ્રાર્થના વ્યક્તિની ઉદ્વેગની સ્થિતિને શાંત કરવામાં સહાયક બને છે.

કુન્દનિકા કાપડીઆએ સાહિત્યમાં સ્ત્રીજીવનની સમસ્યાઓ નિર્દેશીને તેમનાં જીવનની કડવી વાસ્તવિકતા છતી કરી છે. આની પાછળ સદીઓથી સ્ત્રીવિષયક રૂઢિગત માન્યતાઓ અને પરંપરાઓને વળગી રહેલા આપણા સમાજને દિશા બતાવવાનો હેતુ નિહિત થયેલો જણાય છે. તેમનાં સાહિત્યમાં સ્ત્રીસંવેદનોનું પ્રતિબિંબ ઝીલાય છે. તે માત્ર સ્ત્રીની સમસ્યાઓનો ચિતાર આપીને અટકી જતા નથી. એ સમસ્યાઓનું નિરાકરણ કઈરીતે લાવી શકાય અને જીવનમાં ગર્વથી કઈ રીતે જીવી શકાય તેનાં સંકેત પણ તેમણે કથાઓમાં આપ્યા છે.

તેમનાં સાહિત્યસર્જનને ઝીણવટપૂર્વક મૂલવીએ તો તેમાં જીવન જીવવા તરફનાં વિચારો અને ખ્યાલો ડોકિયાં કરતાં જણાય છે. ભાવનાઓનું ઊર્ધ્વીકરણ, સમાનતા, સ્વની ઓળખ, સાદાઈ,

સંતોષ, અધ્યાત્મ, પ્રકૃતિપ્રેમ, જીવન પ્રત્યેનો અભિગમ, ઈશ્વરમાં શ્રદ્ધા, મુશ્કેલીઓનો હિંમતભેર સામનો જેવાં વિવિધ સમાધાનો દર્શાવીને તેમણે જીવન પ્રત્યેના એક નવા અભિગમને નિરૂપ્યો છે.

'વધુ ને વધુ સુંદર' વાર્તાસંગ્રહની 'ચાર પત્રો' વાર્તામાં મુક્તિના પાત્ર દ્વારા તેમણે જણાવ્યું છે કે: "સ્ત્રીને એના સ્ત્રી હોવાનું બંધન, એના અણુઅણુમાં આદિકાળથી વ્યાપી રહેલું સ્ત્રીત્વનું બંધન-એ જ એનું સૌથી સૂક્ષ્મ અને સૌથી જટિલ બંધન છે. એ બંધન હું તોડી નાંખી શકું, તો કદાચ મારો એ અંધકાર આલોક બની જાય."[i]

'કાગળની હોડી' વાર્તાસંગ્રહની પ્રસ્તાવનામાં કવિ મકરંદ દવે નોંધે છે કે: "આ સંગ્રહની વાર્તાઓમાં મુક્તિની આવી અનેક મથામણો જોઈ શકાય છે. એમાં પોતાને હાથે રચેલી કે આસપાસ રચવામાં આવેલી જાળમાં ફસાઈ ચૂકેલાં પાત્રોનો તરફડાટ છે. ક્યાંક વધેરાઈ જતા બલિની ચીસ છે. પણ એટલું જ નથી. ક્યાંક મુક્તિને માર્ગે આગળ વધતા અને સદા નવો પ્રકાશ ઝીલતા જતા મનુષ્યોની કથા પણ અહીં જોવા મળે છે."[ii]

ઉપરોક્ત પ્રસ્તાવના દ્વારા સમજાય છે કે એમની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોની વિવિધ સમસ્યાઓ છે. જે તેમનામાં ઓછા-વત્તા પ્રમાણમાં ભાવનાત્મક સંઘર્ષ પેદા થવાનું કારણ બને છે.

કુન્દનિકા કાપડીઆની ટૂંકીવાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ જોવા મળ્યો છે. આ પાત્રો કઈરીતે આ સંઘર્ષની સ્થિતિમાંથી નિરાકરણ કરી બહાર આવે છે તે ચકાસવાનો હેતુ અહીં આ પ્રકરણમાં નિહિત છે. આ માટે તેનું વર્ગીકરણ કરી વિસ્તૃત છણાવટ અહીં કરવામાં આવી છે. આ વર્ગીકરણમાં વાર્તાઓની ગોઠવણી સ્ત્રીપાત્રોના સંવેદન મુજબ કરવામાં આવી છે. જે સંવેદનજૂથમાં વધુ વાર્તાઓ મળી છે તે જૂથ પ્રથમ ક્રમે છે. આ રીતે દરેક સંવેદન જૂથને ચઢતાથી ઊતરતા ક્રમમાં ગોઠવેલ છે. જૂથની વાર્તાઓની ગોઠવણીમાં પ્રકાશનવર્ષ, નિરાકરણની તીવ્રતા અને એના પરિણામને ધ્યાને લેવામાં આવ્યું છે. સ્ત્રીવિષયક સંઘર્ષનાં નિરાકરણોને કેન્દ્રમાં રાખી અભ્યાસ કરવાનો અહીં પ્રયત્ન કરાયો છે.

## જૂથ ૧ – હતાશા

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓનાં સ્ત્રીપાત્રોનો હતાશાની ભાવના સાથેનો સંઘર્ષ સૌથી વધુ જોવા મળ્યો છે. આ કારણે આ જૂથની વાર્તાઓને પ્રથમ મૂકવામાં આવી છે. હતાશાના ભાવનાત્મક સંઘર્ષનાં નિરાકરણ વિશેનો અભ્યાસ આ જૂથમાં કરવામાં આવ્યો છે. જે નીચે મુજબ છે.

- ‘અંધકાર’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

અંધ બનેલી સુચરિતા સારવાર માટે હોસ્પિટલમાં જાય છે. ત્યાં ડોકટર સ્વરૂપે તેની મુલાકાત સૂરજ સાથે થાય છે. જીવનમાં તેની ખોટ અનુભવતો સૂરજ અંધ સુચરિતાનો સ્વીકાર કરે છે. સૂરજ સાથે થયેલા અંતિમ સંવાદમાં સુચરિતાના સંઘર્ષનું સુખદ નિરાકરણ જોવા મળે છે. જે નીચે મુજબ છે:

“સૂરજ ધીમેથી હસ્યો: “તને વધુ બોલવાનો અવકાશ હું આપીશ નહિ. સાંભળ સુચરિતા!...એનો હાથ પકડી મેં મારા કપાળ પર મૂક્યો... સૂરજ... સૂરજ... સૂરજ... ધીરે સ્વરે હું ગણગણી રહી.” (પૃ. ૧૦૯)

આ રીતે સુચરિતાના ભાવનાત્મક સંઘર્ષનું શમન થાય છે.

- ‘તારાછાયી રાત’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

વિનયના જવાબથી અલકા એના વ્યક્તિત્વને પારખી લે છે. ખરા સમયમાં સાથ છોડી દે તેવા કાયર વ્યક્તિ સાથે તે લગ્ન કરતી નથી. પોતે અલગ જગ્યાએ જઈ અનાથાશ્રમ ખોલી ગરીબ અને નિરાધાર બાળકોની સેવા કરે છે. હતાશ બનેલી અલકા સંઘર્ષમાંથી બહાર નીકળીને ફરીથી જીવનને સેવાના માર્ગે વાળે છે. આ રીતે તે ભાવનાત્મક સંઘર્ષનું ઊર્ધ્વીકરણ કરી તેમાંથી મુક્ત થતી જોવા મળે છે.

આ વિધાનોમાં તે નિરાકરણ તરફ વળતી જોવા મળે છે: “પછી કશું નહિ, સુમા! કૉલેરા શમી ગયા પછી... એના પ્રેમમાં અમર્ત્યની અનુભૂતિ શી રીતે જન્મી શકે?” (પૃ.૧૪૭)

વિનય સાથે લગ્ન ન કરવાના ઉપરોક્ત નિર્ણયાત્મક વિધાનોમાં એના સંઘર્ષનું શમન જોવા મળે છે.

- ‘સ્નેહધન’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

વિધવા ફોઈને વિશ્વાસ છે કે તે પોતાના વાત્સલ્ય વડે જતીનને સુધારી શકશે. ભાઈના ધમાલી પુત્ર જતીનને સુધારવાના પ્રયત્નો કરે છે. તેમાં નિષ્ફળતા મળતી જોઈ તે હતાશ થાય છે. અંતમાં એના વાત્સલ્યસભર વર્તનથી જતીનનાં બાળહૃદયને સ્નેહનો સાક્ષાત્કાર થાય છે. જતીનમાં આવતું માનસ પરિવર્તન આ વિધાનોમાં આલેખાયું છે: “તેણે ચમકીને ઊંચું જોયું, ને પછી બોલ્યો: “રડતાં નહિ ફોઈ હવે હું ડાહ્યો થઈ જઈશ... એમ હું ક્યાં મારથી ડરું એવો છું, નહિ ફોઈ!” (પૃ. ૧૯)

જતીનના વર્તનમાં આવેલું પરિવર્તન જોઈને ફોઈની હતાશાના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે.

- ‘સૂરજ ઊગશે’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

જીવનનો અંત લાવવા મંઝીલ વગર રઝળતી નાયિકાનો એક પરદેશી વ્યક્તિ સાથે ભેટો થાય છે. વિદેશી પાત્ર તેના જીવનમાં આવી પ્રેમના સંકુચિત અર્થને વિસ્તૃત અર્થમાં સમજાવે છે. જેના કારણે જીવનને ફરીથી પલ્લવિત બનાવવાની શ્રદ્ધા એના મનમાં જન્મે છે. આ વિધાનોમાં નાયિકાની જીવન તરફની નવી દૃષ્ટિ ખુલતી જોવા મળે છે: “એક ક્ષણમાં મારી સામેથી સીમાઓ બધી ઓગળી ગઈ... અચાનક જ મારાથી હાથ જોડાઈ ગયા. “મને સમજાય છે...” મેં કહ્યું.” (પૃ. ૧૫૪)

જીવનનો અંત લાવવાનો વિચાર તે છોડી દે છે. જીવન પ્રત્યેનાં નવા આશાવાદ સાથે ઊર્ધ્વીકરણની દિશામાં એના સંઘર્ષનું શમન થાય છે.

- ‘વધુ ને વધુ સુંદર’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

ભૂતકાળમાં અનુભવેલા સંઘર્ષોને યાદ કરતી પુષ્પાને સમજાય છે કે એનાં કરતાં પુત્રવધૂ વાસવી વધુ સમજદાર છે. પોતાના કરતાં એનામાં વધુ માનવભાવ છે. વ્યક્તિ સાથેના સંબંધોને સાચવતાં તેને સારી રીતે આવડે છે. દરેક પેઢીએ જીવન આમ જ સુંદર બનવું જોઈએ એ વાતની અનુભૂતિ તેને થાય છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "વળી વળીને તે આ જ વાત પર પહોંચતી હતી... આ નિગૂઢ સત્ય સંકલ્પ જાગૃત થાઓ, ક્રિયાવાન થાઓ, પૂર્ણ થાઓ." (પૃ. ૧૮૪)

ભાવનાત્મક સંઘર્ષો થકી પુષ્પાનો જીવન જીવવાનો દૃષ્ટિકોણ બદલાય છે.

- 'મુક્તિ' (કાગળની હોડી, ૧૯૭૮)

દીકરાને સંગીતમાં આગળ વધારવાના નાયિકાના પ્રયત્નો નિષ્ફળ થાય છે. તે હતાશા અનુભવે છે. તે દીકરાને કોઈપણ બાબતે કહેવાનું ટાળે છે. અંતમાં એક દિવસ નાયિકા દીકરાના રૂમમાંથી ખૂબ જ સૂરીલું સંગીત સાંભળે છે. આવું સંગીત એણે ક્યારેય સાંભળ્યું ન હતું. દીકરો સ્વપ્રયત્ને જ સંગીત શીખી રહ્યો હતો એમ તે જાણે છે. આગ્રહની દીવાલો તૂટતાં જ દીકરા માટે વિશાળ આકાશ તરફનો માર્ગ ખુલી જાય છે. એનું સંગીત સાંભળીને તેના મનમાં ઊઠેલા સઘળા તોફાનો શાંત થઈ જાય છે. આ વિધાનોમાં નાયિકાનો આનંદ વ્યક્ત થયો છે: "આનંદથી અમારું હૃદય ઊભરાઈ રહ્યું... અપરિચયનો એક પડદો ઓગળી ગયો... અમે પરસ્પર સ્મિત કર્યું અને તેનું મોં પ્રકાશી ઊઠ્યું." (પૃ. ૧૬૦)

આ વિધાનો દ્વારા નાયિકાના સંઘર્ષનું ઇચ્છિત પરિણામ સાથે શમન થતું જોવા મળે છે.

- 'એક પત્ર' (જવા દઈશું તમને, ૧૯૮૩)

પતિનાં મૃત્યુ પછીનાં સંઘર્ષમય જીવન વિશે નાયિકા પત્ર દ્વારા સ્વર્ગસ્થ પતિને જણાવે છે. અંતમાં તે એ પણ જણાવે છે કે એ સ્થિતિનાં કારણે એના જીવનને વધુ ઊંડાણથી જોવાની દૃષ્ટિ મળી છે. તે એ રીતે જીવન જીવવાનું નક્કી કરે છે. નાયિકાના સંઘર્ષનું નિરાકરણ આ વિધાનોમાં વ્યક્ત થતું જોવા મળે છે: "તમારા મૃત્યુએ મને જીવનને ઊંડાણથી જોતાં શીખવ્યું છે... મને લાગે છે હજુ પણ હું પ્રયત્ન કરું તો મારા હૃદયને ફરી પ્રેમથી ભરી શકું ને પ્રેમ આપી શકું." (પૃ. ૨૧૫)

પત્રના અંતમાં નાયિકા જણાવે છે કે સંઘર્ષને કારણે એ જીવનને જીવતાં શીખી છે. આ રીતે તેનાં જીવનનું ઊર્ધ્વીકરણ થતું જોવા મળે છે. આ સાથે એનાં સંઘર્ષનું શમન થતું જોવા મળે છે.

- ‘નવું ચિત્ર’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

વૃદ્ધાવસ્થાને લીધે નાયિકાના જીવનમાં ઉદાસી અને શિથીલતા વ્યાપી હતી. જેના કારણે તે હતાશા અનુભવે છે. અંતમાં એ હતાશા દૂર કરવા માટે બાળકો સાથે સમય વિતાવીને આનંદમય રહેવાનો ઉપાય તેને મળી જાય છે. નાયિકાના સંઘર્ષનું નિરાકરણ આ વિધાનોમાં વ્યક્ત થયું છે: “તેને યાદ આવ્યું – ખાલી કેન્વાસ સામે પડ્યું હતું... કેન્વાસ લઈ ફાટકના દરવાજે લગાડી દીધું.” (પૃ. ૨૨૨)

નાયિકા પોતાના ચિત્ર દોરવાના શોખને ફરીથી જાગૃત કરે છે. જીવનની એકલતાને દૂર કરવા તે બાળકો સાથે સમય વિતાવવાનું નક્કી કરે છે. સંઘર્ષના ઊર્ધ્વીકરણ સાથે અહીં નિરાકરણ જોવા મળે છે.

- ‘મનુષ્ય થવું’ (મનુષ્ય થવું, ૧૯૯૦)

જીવનની સુખસગવડો વચ્ચે ખાલીપો અનુભવતી દક્ષા છે. ઘરે આવેલી કામવાળી બાઈની બાળકીને જોઈને તે આનંદની લાગણી અનુભવે છે. તે બાળકીને જાતજાતની વાનગીઓ ખાવા માટે આપે છે. તે બાળકીનાં ચહેરા પર કશુંક અકલ્પ્ય, અવર્ણ્ય પામ્યાનો ભાવ જુએ છે. આ જોઈને દક્ષાનું હૃદય પણ તૃપ્ત થાય છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: “દક્ષાને લાગ્યું કે છોકરીનો આનંદ પોતાના હૃદયમાં સંક્રાંત થઈ રહ્યો છે... મનુષ્ય થઈ રહેવાનો આનંદ!” (પૃ. ૬૯)

એક ગરીબ અને અસહાયની મદદ કરીને, તેને પ્રેમ આપીને તેના મુખ પર મનુષ્ય હોવાનો, મનુષ્ય થઈ રહેવાનો આનંદ વર્તાય છે. આ સ્થિતિમાં એનાં સંઘર્ષનું સમાધાન થતું જોવા મળે છે.

- ‘સંબંધ’ (મનુષ્ય થવું, ૧૯૯૦)

સોમનાથને ‘નવો બાપ’ સમજતો સુગીત એને મળવા જવા તૈયાર થતો નથી. આટલા નાના બાળકનાં મનમાં ‘નવો બાપ’ જેવા વિચારો કઈ રીતે આવ્યા? શું તે સોમનાથને પિતા તરીકે સ્વીકારશે? આવા વિચારે તે સંઘર્ષ અનુભવે છે. તે સુગીતને સમજાવીને સોમનાથ પાસે લઈ જાય છે. ત્યાં ચિત્રકાર સોમનાથ સાથે સુગીતને ખૂબ જ મજા આવે છે. સુગીતને તેનો સાથ ગમે છે. આ જાણીને

નિરંકાના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે. વાર્તાકારે આ વિધાનો દ્વારા તેના સંઘર્ષનું શમન થતું દર્શાવ્યું છે: "નિરંકા ધીમે પગલે પાછો દાદર ચડી... પછી હળવેથી સોમનાથના હાથમાં મૂકી દીધા." (પૃ. ૭૫)

આમ, સુગીત હવે સોમનાથ પાસે જ રહેવાનું જણાવતાં નિરંકાના સંઘર્ષનું સમાધાન મળે છે.

- 'પ્રિયતમનાં લગ્ન' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

સ્વપ્નાધીન નાયિકા જુએ છે કે એનો પ્રિયતમ આજે સાંજે અન્ય સાથે લગ્ન કરવાનો છે. આ કારણે તે સ્વપ્નાવસ્થામાં જ હતાશાનો સંઘર્ષ અનુભવે છે. વાર્તાના અંતમાં પ્રિયતમનું ઘરમાં આગમન થતાં નાયિકાને સ્વપ્નની હકીકત સમજાય છે. પ્રિયતમનાં આ વિધાનો દ્વારા એના સંઘર્ષનું શમન થતું જણાય છે: "બરોબર તે જ વખતે બારણું ધડામ કરતું ખૂલ્યું... વખત ક્યારનોયે થઈ ગયો છે!" (પૃ. ૧૩૧)

પ્રિયતમના આવી જવાથી નાયિકા સ્વપ્નમાંથી જાગ્રત અવસ્થામાં પાછી ફરે છે. આ રીતે એના હતાશાના સંઘર્ષનું શમન થાય છે.

- 'પ્રથમ રાત્રિએ' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

સાસરીના નવા વાતાવરણમાં મંજુ એકલતા અનુભવે છે. અહીં એને કશું જ પોતાનું લાગતું નથી. તે હતાશાનો સંઘર્ષ અનુભવે છે. વાર્તાના અંતમાં તે પતિમાં પોતાના પ્રત્યેનો વિશ્વાસ, પ્રેમ અને મૈત્રીની નવીન સંભાવનાઓ જુએ છે. વાર્તાકારે દર્શાવેલાં આ વિધાનોમાં મંજુના સંઘર્ષનું શમન જોવા મળે છે: "તેને પોતાની સમક્ષ એક નવી સૃષ્ટિ ઊઘડતી લાગી... એટલું જ યાદ રહ્યું કે પોતે સુખી છે.." (પૃ. ૨૭)

પતિનો સહકાર, પ્રેમ અને હૂંફ મળતાં પોતે અહીં સુખી છે એવો અનુભવ મંજુને થાય છે. આ સાથે એના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે.

- 'ડહેલિયાનું ફૂલ' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

નાયક બેરોજગાર હોવાથી અકારણ પત્ની અને પુત્ર સાથે દુર્વ્યવહાર કરે છે. પતિનું આવું વર્તન જોઈ સોમા હતાશાનો સંઘર્ષ અનુભવે છે. અંતે નાયકને પોતાની ભૂલ સમજાય છે. પોતે છ

મહિનાથી બેકાર છે એ વાત તે સોમાને જણાવે છે. પતિના બદલાયેલા વર્તનનું સાચું કારણ જાણીને સોમાના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે. આ સ્થિતિમાં તે પતિને આશ્વાસન આપતી જોવા મળે છે.

- 'છબી' (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયિકાને જીવનમાં બધાંથી અસંતોષ છે. નાયકના જવાબ બાબતે પણ તે પોતાની અપેક્ષાઓ રાખે છે. તેની અપેક્ષાઓથી તદ્દન વિપરીત નાયક કહે છે કે: "જીવનમાં હું ખૂબ જ સુખી થયો છું!" (પૃ.૧૩૮)

શ્રીમંત હોવાં છતાં તે પ્રેમીને એક નાની ઓરડીમાં સાદાઈ અને સંતોષથી રહેતો જુએ છે. દીવાલ પરની રામકૃષ્ણ પરમહંસની છબી જુએ છે. વાર્તાકારે આ વિધાનો દ્વારા નાયિકાની સંતોષી જીવન પ્રત્યેની દૃષ્ટિ ઉઘડતી દર્શાવી છે: "અનાયાસ મેં ડોક ફેરવીને મારી પાછળની દીવાલ પર ઊંચે જોયું... એક નાની છબી પર તરવરી રહ્યો હતો." (પૃ. ૧૩૮)

અહીં બારીમાંથી આવતો પ્રકાશ અને રામકૃષ્ણ પરમહંસની છબી એ બંને નાયિકાની જીવન પ્રત્યેના સંતોષ માટેની આંતરિક દૃષ્ટિ ખોલવા માટેનો સંકેત આપતા જોવા મળે છે. આ સ્થિતિમાં એના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે.

- 'ઉષ્મા' (મનુષ્ય થવું, ૧૯૯૦)

ભૌતિક સુખસગવડો હોવા છતાંય પરિવારનો પ્રેમ ન મળવાથી નાયિકા મનોમન સંઘર્ષ અનુભવે છે. નોકરાણીનું બાળક તેને દા...દી કહીને સંબોધે છે. આ બાળકના પ્રેમને કારણે તેને અનેરી ઉષ્મા અને અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે. તે બધું જ ભૂલીને બાળક બની રહે છે. વાર્તાકારે આ વિધાનોમાં વૃદ્ધ નાયિકાના સંઘર્ષનું શમન કરી આપ્યું છે: "તે ઉલ્લસિત થઈ રહી... બે નાનકડી આંખોની ઉષ્માભરી નદીમાં તે તરી રહી." (પૃ. ૮૦)

આ રીતે નાયિકા કામવાળીબાઈના બાળક સાથે પોતાનો પ્રેમ વહેંચીને તૃપ્ત થાય છે. એના સંઘર્ષનું સમાધાન અહીં જોવા મળે છે.

- 'પથ્થરનું સંગીત' (કાગળની હોડી, ૧૯૭૮)

બાળનાયકની માતાના સ્વકથન દ્વારા જણાય છે કે તેના લગ્ન અનિચ્છાએ થયા હતા. આ કારણે લગ્નજીવનમાં સુમેળ રહેતો નથી. પતિ સાથે વારંવાર થતા ઝગડા તે સહન કરી શકતી નથી. આ સ્થિતિમાં એનો હતાશાનો તીવ્ર સંઘર્ષ અનુભવી શકાય છે. સંઘર્ષની તીવ્રતાને કારણે તે એ જ રાત્રે આત્મહત્યા કરી લે છે. અહીં નાયકની માના સંઘર્ષનું અનિચ્છનીય પરિણામ મળતું જોવા મળે છે.

- 'બળતો બપોર' (કાગળની હોડી, ૧૯૭૮)

મહેમાનોને મળવા આતુરતાથી રાહ જોતી નાયિકા છે. ઘરનાં કામની વ્યસ્તતામાં એમને મળી શકતી નથી. એમનાં મુખે પોતાનાં વખાણ સાંભળવાની એની ઇચ્છાઓ મનમાં જ રહી જાય છે. ઇચ્છાઓની તીવ્રતાનો અચાનક ભંગ થતાં એનો સંઘર્ષ વધુ તીવ્ર બને છે. આ વિધાનો દ્વારા એની મનઃસ્થિતિ ફલિત થતી જોવા મળે છે: "એક ક્ષણ તેને લાગ્યું કે આ રસ્તા પર જાણે કોઈએ સળગતા કોલસા પાથરી દીધા છે." (પૃ. ૧૩૫)

એની તીવ્ર હતાશા સાથે જ વાર્તાનો અંત આવે છે. એના સંઘર્ષનું નિરાકરણ અહીં જોવા મળતું નથી.

- 'માધવ અને કુસુમી' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

માધવ અને કુસુમી બંને એકબીજાને ચાહે છે. બંનેની આર્થિક અસમાનતા પ્રણયભગ્નતાનું કારણ બને છે. નદીમાં તણાતી કુસુમીને બચાવવા એનો પ્રેમી માધવ નદીમાં ઝંપલાવે છે. આ સ્થિતિમાં માધવ સાથે ફરીથી જીવન જીવવાની આશાઓ કુસુમીમાં જાગે છે. એ ગામથી દૂર લઈ જવા તે માધવને વિનવે છે. માધવ એમ કરી શકતો નથી. તે કુસુમીને બહાર કાઢીને એના પિતાને સોંપી દે છે. અહીં કુસુમીના ભાવનાત્મક સંઘર્ષનું નિરાકરણ જોવા મળતું નથી.

- 'વિદાય' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

અન્ય સાથે લગ્ન નક્કી થઈ ગયા હોવાથી હવે મનમોહન સાથે મિલન શક્ય નથી. આ કારણે ગોપિકા સંઘર્ષ અનુભવે છે. ગોપિકાના થનાર પતિ જગદીશનું ઉદ્ધતાઈભર્યું વર્તન જોઈ મનમોહન પરિસ્થિતિ સમજી જાય છે. તે ત્યાંથી જતા રહેવાનો વિચાર કરી લે છે. જુદા પડવાની આ સ્થિતિમાં

બંનેનો પીડાનો સંઘર્ષ વધુ તીવ્ર બનતો જણાય છે. બંને પાત્રોની સંઘર્ષમય સ્થિતિમાં જ વાર્તાનો અંત આવે છે. આ વાર્તામાં બંને પાત્રોનાં ભાવનાત્મક સંઘર્ષનું નિરાકરણ જોવા મળતું નથી.

- ‘માર્ગ ક્યાં છે?’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

મિ.સેનના વૈભવી બંગલામાં સુનંદા બંધન અનુભવતી જોવા મળે છે. આ કારણે તે હતાશ જોવા મળે છે. નાયકની સમજાવટ પછી પણ સુનંદા બંધનયુક્ત પરિસ્થિતિમાંથી મુક્ત થવાની હિંમત કરી શકતી નથી. અંતમાં મિ.સેન ફિલ્મની નાયિકા સાથે રૂમમાં જતો જોવાય છે. એ સ્થિતિમાં એનો સંઘર્ષ વધતો જોવા મળે છે. આ સાથે નાયકનો સંઘર્ષ પણ તીવ્ર બનતો જોવા મળે છે. બંને પાત્રોના સંઘર્ષમય સ્થિતિમાં જ વાર્તાનો અંત આવે છે. અહીં બંને પાત્રોના ભાવનાત્મક સંઘર્ષનું નિરાકરણ જોવા મળતું નથી.

- ‘શોધ’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

મધુસૂદનની ટીખળને સુનાલી સાચી માની બેસે છે. એના એકતરફી પ્રેમમાં પડેલી સુનાલી એકવાર મધુસૂદનને મળવા ઇચ્છે છે. એ માટે તે નાયિકાની મદદ લે છે. મધુસૂદન આવતો નથી. બીમારી વધવાથી ડોક્ટર તેને બહારગામ લઈ જવાની સલાહ આપે છે. તે સ્થળાંતર કરે છે. આ સ્થિતિમાં સુનાલીના હતાશાના સંઘર્ષનું નિરાકરણ આવતું નથી.

- ‘હરિ આવન કી આવાજ’ (કાગળની હોડી, ૧૯૭૮)

સ્ત્રીની એ કરુણતા છે કે એ મનમાં ઊઠતાં સંઘર્ષ સાથે સમાધાન કરી લેવામાં જ પોતાની સાર્થકતા માને છે. અન્યની ઇચ્છા મુજબ જ તે પોતાનું જીવન વ્યતિત કરી દે છે. અહીં મિસિસ કેટી પણ પોતાની ઇચ્છાઓ, આકાંક્ષાઓને છોડીને મિ.ફિરોઝ માટે જીવી રહી છે. સમાજે બનાવેલા લગ્નરૂપી બંધનને તેણે સ્વીકારી લીધું છે. હવે એ બંધન સામે વિદ્રોહ કરી શકવાની હિંમત તે કરી શકતી નથી. પરિસ્થિતિના સ્વીકારમાં એની પીડા ઘેરી બને છે. સંઘર્ષની સ્વીકૃતિ સાથે જ વાર્તાનો અંત આવે છે. આ સાથે જ વાર્તાકાર પાત્રે રાખેલી અપેક્ષા પણ સિદ્ધ થતી નથી. આ વાર્તામાં નિરાકરણ જોવા મળતું નથી.

જૂથ સમાપન

આ જૂથમાં કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં રહેલા હતાશાના સંઘર્ષના નિરાકરણોને ધ્યાને લેવાયાં છે. જૂથમાં સામેલ વાર્તાઓને ચકાસતાં જણાય છે કે એમની ૨૨ વાર્તાઓમાં હતાશાનો સંઘર્ષ છે. જેમાંથી ૧૬ વાર્તાઓમાં નિરાકરણ જોવા મળે છે. આ જૂથની ૬ વાર્તાઓમાં કોઈક ને કોઈક કારણોસર સંઘર્ષનું નિરાકરણ જોવા મળતું નથી. નિરાકરણ આપેલ હોય એવી ૧૬ વાર્તાઓમાંથી ૧૫ વાર્તાઓમાં આપણને સુખદ નિરાકરણ જોવા મળે છે. એમનાં સ્ત્રીપાત્રો સંઘર્ષનો સામનો કરી તે સ્થિતિમાંથી બહાર આવતાં જોવા મળ્યાં છે.

'તારાછાયી રાત', 'સૂરજ ઊગશે', 'એક પત્ર' 'નવું ચિત્ર', 'મનુષ્ય થવું' 'છબી' અને 'ઉષ્મા' જેવી વાર્તાઓની નાયિકાઓ નકારાત્મક ભાવનાઓનું ઊર્ધ્વીકરણ કરતી જોવા મળે છે. 'તારાછાયી રાત' અને 'સૂરજ ઊગશે'ની નાયિકાઓ સંઘર્ષની સ્થિતિમાંથી બહાર નીકળવા સમાજસેવામાં જોડાય છે. 'એક પત્ર' વાર્તાની વિધવા નાયિકા પતિ વગરનાં સંઘર્ષમય જીવનમાંથી ઘણું શીખી છે. જીવનમાં માનવસંબધો અને પ્રેમ સૌથી મોટી બાબત છે તેનું ભાન થતાં તે જીવનને ઊંડાણથી જોતાં શીખે છે. 'નવું ચિત્ર' વાર્તાની વૃદ્ધ નાયિકા પોતાના શોખને ફરીથી જીવંત કરે છે. બાળકો સાથે સમય પસાર કરી તે જીવનને આનંદિત બનાવવાનો માર્ગ સ્વીકારે છે. 'મનુષ્ય થવું' વાર્તામાં પણ દક્ષા કામવાળીબાઈની દીકરીને ભરપેટ ભોજન કરાવી મનુષ્ય બની રહેવાનો આનંદ મેળવે છે.

'છબી' વાર્તાની નાયિકાને અંતમાં રામકૃષ્ણ પરમહંસની છબી દ્વારા સંતોષી જીવનમાં જ સુખી રહેવાની દિશા પ્રાપ્ત થતી જોવા મળે છે. 'ઉષ્મા' વાર્તાની વૃદ્ધ નાયિકાને પરિવારનો પ્રેમ મળતો નથી. આ કારણે તે કામવાળીબાઈના નાના બાળક સાથે પોતાનો પ્રેમ વહેંચીને તૃપ્ત થતી જોવા મળે છે. આ રીતે આ બધી જ નાયિકાઓ ભાવનાઓના ઊર્ધ્વીકરણ સાથે સંઘર્ષમય સ્થિતિમાંથી બહાર આવી જીવનને એક નવી દિશા તરફ લઈ જતી જોવા મળે છે.

'અંધકાર', 'સ્નેહધન', 'વધુ ને વધુ સુંદર', 'મુક્તિ' 'સંબંધ', 'પ્રિયતમના લગ્ન', 'પ્રથમ રાત્રિએ', અને 'ડહેલિયાનું ફૂલ' જેવી વાર્તાઓમાં સુખદ અને ઇચ્છિત પરિણામ જોવા મળે છે. 'અંધકાર' વાર્તાની સુચરિતા વર્ષો પછી મળેલા સૂરજનાં પ્રેમનો સ્વીકાર કરી તૃપ્ત થાય છે. 'સ્નેહધન' વાર્તાની

વિધવા ફોઈ પણ જતીનના ધમાલી વર્તનનો સ્વીકાર કરી પોતાનાં વાત્સલ્ય વડે એના બાળમાનસને સુધારી આનંદ પામે છે. 'વધુ ને વધુ સુંદર' વાર્તાની પુષ્પા પણ પોતાનાં કરતાં પુત્રવધૂ વાસવીમાં સંબંધોને સાચવવાની વધુ સમજણ છે તે બાબતનો સ્વીકાર કરે છે. 'મુક્તિ' વાર્તામાં પરિસ્થિતિને સમજી પોતાના બંધનમાંથી મુક્ત કરીને પુત્રને વિકસવા માટેની સ્વતંત્રતા આપતી માતા છે.

'સંબંધ' વાર્તામાં પતિના મૃત્યુ પછી અન્ય સમજદાર વ્યક્તિ સાથે જીવન વ્યતીત કરવાની સમજ અપનાવતી નિરંકા છે. પુત્ર દ્વારા પણ સોમનાથનો સ્વીકાર થતાં તે આનંદ અનુભવે છે. 'પ્રિયતમના લગ્ન' વાર્તામાં સ્વપ્નમાં પણ પ્રિયતમનાં લગ્નનો સ્વીકાર કરતી નાયિકા છે. સ્વપ્ન અવસ્થામાંથી બહાર આવતાં તેના સંઘર્ષનું શમન થાય છે. 'પ્રથમ રાત્રિએ' વાર્તામાં પણ અંતમાં મંજુ સાસરીના નવા પરિવેશનો સ્વીકાર કરતી જોવા મળે છે. 'ડહેલિયાનું ફૂલ' વાર્તામાં પતિના બદલાયેલા વર્તનનું સાચું કારણ સોમા જાણે છે. આ પરિસ્થિતિનો સ્વીકાર કરી તે પતિને સાંત્વના આપતી જોવા મળે છે. હતાશાના કારણે ઉદ્દભવતા સંઘર્ષના શમન માટે વિવિધ રસ્તાઓ કાઢતી નાયિકાઓ અહીં જોવા મળે છે. સમજશક્તિ અને બુદ્ધિના વિવેકભર્યા ઉપયોગથી એમના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે.

હતાશાના સંઘર્ષમાંથી યોગ્ય નિરાકરણ શોધી ન શકનાર સ્ત્રીપાત્ર આપણને 'પથ્થરનું સંગીત' વાર્તામાં જોવા મળે છે. બાળનાયકની માતા પતિ સાથે થતા ઝગડાઓ સહન કરી શકતી નથી. પુત્રને શિખામણ આપી તે આત્મહત્યા કરી લે છે. આમ, યોગ્ય નિરાકરણ લાવી ન શકવાથી આ નાયિકાના સંઘર્ષનું અનિચ્છનીય પરિણામ આપણને જોવા મળે છે.

આ જૂથમાં કેટલીક વાર્તાઓનાં નિરાકરણ જોવા મળતાં નથી. આ વાર્તાઓમાં 'બળતો બપોર', 'માધવ અને કુસુમી', 'વિદાય', 'માર્ગ ક્યાં છે?', 'શોધ' અને 'હરિ આવન કી આવાજ' જેવી વાર્તાઓનો સમાવેશ થાય છે. આ દરેક નાયિકાઓ હતાશાના સંઘર્ષની દુઃખદ સ્થિતિનો સ્વીકાર કરતી જોવા મળે છે. સંઘર્ષની સ્થિતિમાંથી બહાર નીકળવાના પ્રયત્નો ન કરવાથી તેમની દુઃખદ સ્થિતિમાં પરિવર્તન આવતું નથી. વાર્તાના અંત સુધી તેઓ સંઘર્ષમય સ્થિતિમાં જ જોવા મળે છે.

## જૂથ ૨ - ઇચ્છા

આ જૂથમાં ઇચ્છાના સંઘર્ષની અસરો અને તેના નિરાકરણની વાત કરવામાં આવનાર છે. મનગમતી વસ્તુ કે વ્યક્તિને મેળવવાની તીવ્ર ઝંખના એ ઇચ્છા ભાવના છે. તેને પ્રાપ્ત કરવા વ્યક્તિ હંમેશા તત્પર રહે છે. આ ભાવનાની અતૃપ્તિ તેને નિરાશ કરે છે. જેના કારણે તે દુઃખી થાય છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોની મનોગત ઇચ્છાઓ અને આકાંક્ષાઓ પણ સંઘર્ષ માટે નિમિત્ત બની છે. હતાશા સાથેના સંઘર્ષ પછી બીજા ક્રમે ઇચ્છાનો ભાવનાત્મક સંઘર્ષ સૌથી વધુ જોવા મળ્યો છે. આ કારણે આ જૂથ દ્વિતીય ક્રમે અહીં મૂકાયું છે. ઇચ્છાના ભાવનાત્મક સંઘર્ષમાંથી બહાર નીકળવા સ્ત્રીપાત્રોએ કયાં નિરાકરણો અપનાવ્યાં છે તે વિશેનો અભ્યાસ આ જૂથમાં કરવામાં આવ્યો છે.

- ‘દાદાજી! ઓ દાદાજી!’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

દાદાજીને હરપળ ઝંખતી કલ્યાણીની ઇચ્છાનો સંઘર્ષ ઉગ્ર બને છે. રેલ્વેસ્ટેશન પર થયેલી ફળવાળા ચાચાજીમાં તેને એના દાદાજીની અનુભૂતિ થાય છે. જેના કારણે તે સાસરિયાંઓને સ્ટેશન પર જ છોડીને ફરીથી દાદાજી પાસે દોડી જાય છે. વાર્તાકારે આ વિધાનો દ્વારા કલ્યાણીના સંઘર્ષનું શમન થતું દર્શાવ્યું છે: “સામે ટ્રેન ઊભી હતી... ગાડીનું બારણું ધકેલી એમાં ચડી બેઠી.” (પૃ. ૯૦)

અહીં એના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે.

જીદુનાથના ભાવનાત્મક સંઘર્ષની વાત કરીએ તો લગ્ન પછી કલ્યાણીની મધુર સ્મૃતિઓ એને તંદ્રિત બનાવે છે. જે એની પીડાને વધુ ઉત્તેજિત કરી મૂકે છે. આ સ્થિતિ અસહ્ય બનતાં તેને હૃદયરોગનો હુમલો આવે છે. કલ્યાણીને યાદ કરતો તે મૃત્યુની નજીક પહોંચી જાય છે. વાર્તાકારે જીદુનાથની સંઘર્ષમય અવસ્થા દર્શાવતાં લખ્યું છે કે: “જીદુનાથના હૃદયની વેદના વધવા માંડી. મૃત્યુ પહેલાંની વેદના...શ્વાસ લેવાનું મુશ્કેલ બનતું જાય છે.” (પૃ. ૯૧)

હૃદયરોગના હુમલાની સ્થિતિમાં જીદુનાથના સંઘર્ષનું અનિચ્છનીય પરિણામ મળતું જોવા મળે છે.

- ‘વંચિત કરીને...!’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

નાનપણમાં જેને ચાહ્યો હતો એ અમરના વર્તમાન જીવનને પાર્વતી એક વખત જોવા ઇચ્છે છે. ગામ જઈને તે અમરના ઘરનું વાતાવરણ જુએ છે. એની વાસ્તવિક સ્થિતિ જોઈને એના વિશે તેણે કલ્પેલી બધી જ ભ્રમણાઓ ભાંગી જાય છે. કુદરતે અમરથી વંચિત રાખીને તેને સુખી કરી હતી એ અનુભવ તેને થાય છે. આ વિધાનો એના સંઘર્ષના શમનનું સૂચન કરતાં જણાય છે: “અચાનક જ તેને મનમાં આનંદ થવા લાગ્યો... વ્યક્તિથી વંચિત કરીને વિધાતાએ તેને કેટલી બચાવી લીધી હતી!” (પૃ. ૧૬૯)

આ રીતે અંતમાં પોતાના વર્તમાનથી પાર્વતીને તૃપ્તિ અને સંતોષનો અનુભવ થાય છે. આ સ્થિતિમાં એના ભાવનાત્મક સંઘર્ષનું સુખદ શમન થતું જોવા મળે છે.

- ‘ચાર પત્રો’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

આનંદના પત્ર પછી વર્ષોથી પોતાની મુક્તિ માટે ઝંખતી અદિતિની ગર્ભિત ઇચ્છા ફરીથી જાગૃત થઈ ઊઠે છે. અનિરુદ્ધને મેળવવાની પણ તેની એક ચાહ હતી. તેની સાથે લગ્ન થઈ ગયા હોવાથી હવે તે મુક્તિનો માર્ગ નક્કી કરવામાં મૂંઝાય છે. તેની મન:સ્થિતિને પારખી લેતો અનિરુદ્ધ એને લગ્નના બંધનમાંથી મુક્ત કરે છે. અંતે તેને પોતાની અંદરથી જ મુક્તિનો માર્ગ મળે છે. આ વિધાનોમાં એના સંઘર્ષનું નિરાકરણ મળતું જોવા મળે છે: “તમે મારે માટે દુ:ખ નહિ લગાડતા... પણ સહુએ પોતાની મુક્તિ માટે પોતપોતાના ક્રોસ પર જડાવું જ રહ્યું.” (પૃ. ૧૭૫)

આ રીતે જીવનના ઊર્ધ્વીકરણની દિશામાં તેના સંઘર્ષનું થતું જોવા મળે છે.

- ‘સાથ’ (કાગળની હોડી, ૧૯૭૮)

દેરાણીની સગર્ભાવસ્થાની પીડામાં જેઠાણી સાથ આપી શકતી નથી. તેના સાથને ઝંખતી દેરાણી સંઘર્ષ અનુભવે છે. અંતમાં અકસ્માતે દેરાણીનું સત્ત્વ નિષ્ફળ જાય છે. આ સ્થિતિમાં દેરાણી અને જેઠાણી બંને સરખી અનુભૂતિમાં ફરીથી એકબીજાની 'સંગીની' બની રહે છે. આ વિધાનોમાં દેરાણીના સંઘર્ષનું નિરાકરણ જોવા મળે છે: "તે પણ હસી. તેને બહુ સારું લાગ્યું... જેઠાણીનો હાથ પકડીને તે બોલી: 'હું પડી ગઈ તેથી હું રાજી છું હીરા, તું મારી સાથે છે ને!' " (પૃ. ૪૨)

હવે જેઠાણી હંમેશા તેની સાથે છે તે વાતથી તે ખુશ છે. એના સંઘર્ષનું શમન થતું અહીં જોવા મળે છે.

- 'તો?' (કાગળની હોડી, ૧૯૭૮)

સુજાતાને દીકરીની તીવ્ર ઝંખના છે. પતિ સાથેના એના જીવનમાં એ ઇચ્છા અધૂરી રહી હતી. એ ઝંખનાની તૃપ્તિ માટે તે ગર્ભમાં ઉછરતા બાળકને પણ જન્મ આપવાનો સંકલ્પ કરે છે. આ વિધાનોમાં તેના દૃઢ નિશ્ચય સાથેનું નિરાકરણ જોવા મળે છે: "સહસા તેને થયું: પણ એ છોકરી હશે તો?... એના વાનમાં પંજાબના ઊજળા રંગની ઝાંય હશે...તો?" (પૃ. ૨૧૧)

ઉપરોક્ત વિધાનો દ્વારા સમાજની પરવા કર્યા વિના સુજાતા ગર્ભમાંના બાળકને જન્મ આપવાનો નિર્ધાર કરતી જોવા મળે છે.

- 'અવકાશ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

પતિ અપૂર્વ દ્વારા અપાયેલું 'સેક્રેટરી'નું બિરુદ સ્વમાની પૂર્વીને ડંખે છે. સ્વની ઓળખ માટે તે મથે છે. આ મથામણમાં પૂર્વીને એની દબાઈ ગયેલી ઇચ્છાઓનું ભાન થાય છે. અંતે તે દરિયાકિનારે જઈ 'ઇનફ ઈઝ ઇનફ' વાંચવાના વિચાર સાથે મક્કમ રહે છે. આ રીતે તે 'સેકન્ડરી રોલ'ની ભૂમિકામાંથી બહાર નીકળી સ્વતંત્રતા તરફનું પ્રથમ ડગલું માંડે છે. વાર્તાકારે આ વિધાનો દ્વરા એના સંઘર્ષનું નિરાકરણ સૂચવ્યું છે: "તે મનોમન હસી... પછી પુસ્તક હાથમાં લઈ તે પગથિયાં ઊતરી ગઈ." (પૃ. ૧૬)

આમ, પોતાની ઇચ્છાની તૃપ્તિ માટે આગળ વધતી પૂર્વીના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે.

- ‘અનુભૂતિનો એક ખંડ’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

બીમાર નાયિકા પાણી માટે તરફડે છે. સ્વજનો દ્વારા પાણી ન મળતાં તે સંઘર્ષ અનુભવે છે. તેને જીવન નિરર્થક લાગે છે. અંતે ડોક્ટરના જણાવ્યા મુજબ નાયિકાના હોઠ પર બરફના બે નાના ટુકડા મૂકવામાં આવે છે. વર્ષોથી તૃષિત રહી હોય એવો અનુભવ કરતી નાયિકાને પરમ તૃપ્તિનો અનુભવ થાય છે.

આ વિધાનો દ્વારા એની શારીરિક અમે માનસિક પીડાનું શમન થતું જોવા મળે છે: “તેના મોંમાં ફરી કોઈએ બીજા બે ટુકડા મૂક્યા. તેને પરમ શાંતિ થઈ ગઈ.... પછી તેને સરસ ઊંઘ આવી ગઈ.” (પૃ. ૨૮)

વિચારોની મથામણ બાદ અંતમાં તેને જીવનની સાર્થકતા સમજાય છે. ઇચ્છાની તૃપ્તિ સાથે એની પીડાનું શમન થતું જોવા મળે છે.

- ‘દિવાળીના દીવા’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

વૃદ્ધ નાયિકાને બાળકોને મળવાની તીવ્ર ઝંખના છે. શિક્ષકના વ્યવસાયમાંથી નિવૃત્ત થતાં વૃદ્ધત્વ અને એકલતાની સ્થિતિમાં તે હતાશા અનુભવે છે. અંતે તે પોતાના જેવી જ એક શિક્ષિકાના ઘરે બાળકોને કિલ્લોલ કરતાં જુએ છે. હવે તેને સમજાય છે કે ભલે ચહેરો બદલાય છે પણ જીવન એ જ હતું. જીવન હંમેશા આગળ વધે છે. કોઈનાથી તે અટકતું નથી. આ વાત તેને સમજાય છે. આ વિધાનો દ્વારા તેના સંઘર્ષનું નિરાકરણ વ્યક્ત થયું છે: “ફરી એકવાર તે જીવનથી વીંટાઈ ગઈ હતી... છાયાને તડકામાંથી પસાર થતું આ જ તો જીવન હતું!” (પૃ. ૧૫૧)

બદલાતા જીવન પ્રત્યેની દૃષ્ટિ મળતાં તેના સંઘર્ષનું નિરાકરણ મળે છે.

- ‘મારે એક મિત્ર છે’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

અજાણી સ્ત્રીના જીવન વિશે નાયિકા જાણે છે. પોતે એના જીવનમાં ક્યાંક સામેલ છે એવો અનુભવ એને થાય છે. સંઘર્ષ અનુભવે છે. અંતમાં સ્ત્રીની વાતો દ્વારા નાયિકાની જીવન પ્રત્યેની દૃષ્ટિ ખૂલી જાય છે. તે વિચારે છે કે જો તેને પણ પરમાત્મા જેવો મિત્ર હોય તો તે પણ પોતાના કેન્દ્રમાંથી મુક્ત થઈ શકે છે. પેલી સ્ત્રીની વાતોમાં પોતે હતી કે નહિ, એનું મહત્વ રહેતું નથી. આ વિધાનોમાં એના સંઘર્ષનું નિરાકરણ છે: "મારી આખીયે જાતને એક શાંત ક્ષણમાં સમેટાતી મેં જોઈ. મારી સામે એક પ્રકાશ છવાયો... મારે પણ એ મિત્ર હોઈ શકે." (પૃ. ૧૮૦)

અજાણી સ્ત્રી સાથેના ટૂંકા પરિચયમાં નાયિકાને ઈશ્વરને પામવાની દૃષ્ટિ ખૂલે છે. અહીં એનાં સંઘર્ષનું શમન થતું જોવા મળે છે.

- 'હું પુકારું તો, સાંભળશે કોણ?' (જવા દઈશું તમને, ૧૯૮૩)

મીના એની પુત્રી સાથે જંગલમાં ભૂલી પડે છે. જંગલની ભયાનકતા એનામાં સંઘર્ષને ઉદ્દીપ્ત કરે છે. દીકરીના કહેવાથી તેનામાં સભાનતા આવે છે. ભયમાંથી મુક્તિ મેળવવા તે ભગવાનને પ્રાર્થે છે. તેનું મન હળવું થાય છે. અંતે પતિ સીતાંશુ તેમને શોધી કાઢે છે. દુઃખમાં સાચી શ્રદ્ધાથી કરેલા પ્રભુસ્મરણથી ઈશ્વરીય મદદની અનુભૂતિ કરે છે. વાર્તાકારે આ વિધાનોમાં મીનાના ભાવનાત્મક સંઘર્ષનું શમન થતું દર્શાવ્યું છે: "આજે તે એને, વિશ્વની પરમ-સંચાલક શક્તિને સમગ્ર હૃદયથી પ્રાર્થી રહી... થોડીવારે બંનેએ આંખો ખોલી. મીનાનું હૃદય કશાક વિશ્વાસથી હળવું થઈ ગયું હતું." (પૃ. ૨૦૫)

આ રીતે એના સંઘર્ષનું શમન થતું જોવા મળે છે.

- 'જવા દઈશું તમને...' (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયિકાની ભાવ લાગણીઓને સમજનાર કોઈ સ્વજન ઘરમાં નથી. આ અતૃપ્તિના કારણે તે ભાવનાત્મક સંઘર્ષ અનુભવે છે. તે આ અતૃપ્તિ સાથે દેહ છોડવા ઇચ્છતી નથી. જીવનની અંતિમ પળોમાં તે પોતાના જેવા કોઈ સ્વજનને ઝંખે છે. અંતમાં છેલ્લી પળોમાં પુત્રવધૂ મારિયા સાથે એક નવા સંબંધનો ઉદય થાય છે. જેના કારણે એનો મૃત્યુનો ભય આનંદમાં ફેરવાઈ જાય છે. આ વિધાનોમાં એના

સંઘર્ષનું શમન થતું જોવા મળે છે: “જીવનની છેલ્લી પળોમાં એક નવો સંબંધ ઉદય પામ્યો હતો... આનંદથી મરી શકવું- તે જ મોટું સૌભાગ્ય છે.” (પૃ. ૨૩૧)

- ‘દરિયાની સાક્ષીએ’ (મનુષ્ય થવું, ૧૯૯૦)

બેલા એના જીવનમાં માતા અને પ્રેમી નીરવ બંનેના સાથને ઝંખે છે. લગ્ન કરવાથી માતાને સદાય માટે છોડવી પડશે એ વાતે તે સંઘર્ષ અનુભવે છે. અંતમાં માતા સાથે રહેવાના નિશ્ચય સાથે બેલા નીરવને બધી જ વાત જણાવે છે. નીરવ સમગ્ર સ્થિતિને પામી જાય છે. જે નીચેનાં વિધાનોમાં જોવા મળે છે: “લો, આટલીક અમથી તો વાત હતી! કોરિયામાં તો છોકરો પરણીને છોકરીને ઘેર જતા હોય છે. જેવા સંજોગો....અને મારે પણ હવે તારા વિના બીજું કોણ છે?” (પૃ. ૨૦)

નીરવ બેલાને વચન આપે છે કે લગ્ન પછી એ જ પોતાનું ઘર છોડીને બેલા પાસે આવશે. આ સાથે જ બેલાના સંઘર્ષનું સમાધાન થતું જોવા મળે છે.

- ‘આજે સવારે’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

નિ:સંતાન શાંતિલા સંતાનને ઝંખે છે તે પતિને જણાવી શકતી નથી. જેના કારણે તે પતિની અન્ય બાબતોને લઈ ક્રોધે ભરાય છે. નાનકડા તુષારના આવવાથી તેના ક્રોધનું શમન થાય છે. આ રીતે તે પાડોશીના બાળક પ્રત્યે વાત્સલ્યપ્રેમ દર્શાવીને સંઘર્ષમાંથી મુક્ત થતી જોવા મળે છે. અંતમાં એને એના ક્રોધનું સાચું કારણ મળી જાય છે. જે આ વિધાનોમાં વ્યક્ત થયું છે: “શાંતિલા બાજુમાં સૂતી સૂતી...એને ચીડનું બીજું ને સાચું કારણ મળી ગયું હતું.” (પૃ. ૯૯)

- ‘ઓછાયો’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

વિતાનની માંદગી અને દરિદ્રતા જોઈ સતી વ્યાકુળ બની ઊઠે છે. તે વિતાનને મદદ કરવા ઇચ્છે છે પણ તેમ કરી શકતી નથી. અંતમાં તુહીન, વિતાનના અસહાય ચહેરાની પાછળ છુપાયેલી દુષ્ટતા અને લાલચને પારખી લે છે. તે સતીને વિતાનને સાચી રીતે ઓળખવા સમજાવે છે. અંતે સતી પણ વિતાનના ભોળા ચહેરાની પાછળ રહેલી લાલચ અને ક્રૂરતાને પારખતી જોવા મળે છે. આ

વિધાનોમાં તે વિતાનની દુષ્ટતા પારખતી જોવા મળે છે: "સતીએ તુહીન ભણી પીઠ ફેરવી વિતાન ભણી જોયું... ગીધની આંખો જેવી લાલસાભરી, ક્રૂર મોટી આંખો તગતગી રહી હતી." (પૃ. ૧૭૨)

- 'અતૃપ્તિ' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

નિ:સંતાન મનોરમાનું માતૃહૃદય નંદુ માટે તલસે છે. સાસુના કહેવાથી એના નંદુ સાથેના વધતા સંબંધો પર અંકુશ મૂકાય છે. પળપળ તેને બીમાર નંદુની ચિંતા સતાવે છે. તે નંદુને મળવા દોડી જાય છે. ક્ષણિક મિલન બાદ બંને પોતપોતાની પ્રિય જગ્યાએ- નંદુ બારીની બહાર અને મનોરમા રસોડામાં-મૃત્યુ પામે છે. અહીં, નંદુને પામવાની મનોરમાની ઇચ્છા અંત સુધી અધૂરી રહે છે. એ અતૃપ્તિ સાથે જ એના મૃત્યુ સ્વરૂપે સંઘર્ષનું શમન થતું જોવા મળે છે. એના સંઘર્ષનું અનિચ્છનીય પરિણામ અહીં જોવા મળે છે. સમાજની અર્થવ્યવસ્થાને કારણે કેવા દુષ્પરિણામ આવે છે તે તરફ વાર્તાકારે નિર્દેશ કર્યો છે.

- 'સૂર' (જવા દઈશું તમને, ૧૯૮૩)

મૃત્યુ પામેલ દીપનની યાદમાં નાયિકાને એની નિકટતા અનુભવાય છે. દીપનના આભાસની આ સ્થિતિ એનામાં ભયનો સંઘર્ષ જન્માવે છે. ભયની તીવ્રતા સાથે વાર્તાનો અંત આવે છે. એના સંઘર્ષનું શમન થતું જોવા મળતું નથી.

- 'ઢોળાયેલી સુગંધ' (મનુષ્ય થવું, ૧૯૯૦)

અનાથાશ્રમમાં મૂકેલી દીકરીને કોઈની બીક વગર લાડકોડથી ઉછેરવાના કોડ નાયિકાને છે. એન.આર.આઈ દંપતિને પોતાની દીકરી સોંપવાની ઘટનામાં એનો સંઘર્ષ જોવા મળે છે. નિ:સંતાન દંપતી એની જ દીકરી પર પસંદગી ઉતારે છે. અંતે તે અનિચ્છાએ પણ પલ્લીને એમને સોંપીને એમના જીવનમાં સુવાસ પાથરતી જોવા મળે છે. આ સ્થિતિમાં એની પીડા વધતી જોવા મળે છે. એના સંઘર્ષની તીવ્રતા સાથે વાર્તાનો અંત આવે છે.

જૂથ સમાપન

આ જૂથમાં ઇચ્છાના સંઘર્ષના નિરાકરણ સાથે આવતાં સ્ત્રીપાત્રો છે. આ જૂથમાં કુલ ૧૭ વાર્તાઓ છે. જેમાંથી ૧૫ વાર્તાઓમાં સંઘર્ષનું નિરાકરણ જોવા મળે છે. અહીં બે વાર્તાઓમાં નિરાકરણ જોવા મળતું નથી. આ જૂથનાં સ્ત્રીપાત્રો પણ પોતાની ઇચ્છાઓનાં સંઘર્ષનું નિરાકરણ લાવતાં જોવાય છે.

'દાદાજી! ઓ દાદાજી!', 'ચાર પત્રો', 'તો?', 'અવકાશ', અને 'દરિયાની સાક્ષીએ' જેવી વાર્તાઓમાં નાયિકાઓની પ્રબળ ઇચ્છાનો ભાવ જોવા મળે છે. પોતાની ઇચ્છાને પૂર્ણ કરવા તે બધું જ છોડી દેવા તત્પર બનતી જોવા મળે છે. 'દાદાજી! ઓ દાદાજી!' વાર્તાની કલ્યાણી અને દાદાજીને એકબીજા સાથે જ રહેવાની તીવ્ર ઇચ્છા છે. સામાજિક પરંપરા મુજબ લગ્ન કરીને બંનેને દૂર થવું પડે છે. આ સ્થિતિમાં તીવ્ર સંઘર્ષ અનુભવતી કલ્યાણી છેલ્લે સાસરિયાઓને છોડીને દાદાજી પાસે દોડી આવે છે. દાદાજીને કલ્યાણી વગરનાં ઘરમાં સૂનકાર અનુભવાય છે. તેમને હૃદયરોગનો હુમલો આવે છે.

'ચાર પત્રો' વાર્તામાં જીવનની મુક્તિની તીવ્ર ઝંખનાની પ્રાપ્તિ માટે અદિતિ પોતાના પ્રેમ અનિરુદ્ધને પણ છોડી શકી છે. 'તો?' વાર્તાની સુજાતાને પણ દીકરીની ઝંખના છે. અજાણ્યા પુરુષની હવસનો શિકાર બન્યા પછી તે સમાજની બીકે એ ગર્ભનો નિકાલ કરાવતી નથી. એ ગર્ભમાં કદાચ દીકરી હશે તો? એ વિચારે એની ઇચ્છાને કારણે જ તે નિરાકરણ સ્વરૂપે બાળકને જન્મ આપવાનો નિર્ધાર કરતી જોવા મળે છે.

'અવકાશ' વાર્તાની પૂર્વીને પણ પોતાની ગર્ભિત ઇચ્છાઓનો ખ્યાલ આવે છે. એને કોઈપણ ભોગે પૂર્ણ કરવા તે મથે છે. આ માટે તે પતિની આજ્ઞાને અવગણે છે. પોતાની ઇચ્છા મુજબ દરિયાકિનારે જવાના નિશ્ચય સાથે અડગ રહે છે. 'દરિયાની સાક્ષીએ' વાર્તામાં માતા સાથે રહેવાની તીવ્ર ઇચ્છા બેલાને છે. નીરવને પણ તે એટલો જ ચાહે છે. લગ્ન કરવાથી માતાને છોડીને સાસરે જવું પડશે એ વિચારે તે નીરવ સાથે લગ્ન કરવાની ના પાડી દે છે. બેલાની મૂંઝવણ પારખી ગયેલો નીરવ લગ્ન પછી બેલાના ઘરે જ રહેવા માટે તૈયાર થાય છે.

આ બધી જ વાર્તાઓમાં આપણને નાયિકાઓ મક્કમતાથી પોતાની ઇચ્છાને પૂર્ણ કરવા આગળ વધતી જોવા મળે છે. 'વંચિત કરીને' વાર્તાની પાર્વતીને અમરને ન પામી શકવાનો વસવસો છે. એકવાર તેનો વર્તમાન જોઈ લેવાની તીવ્ર ઇચ્છા છે. અમરથી વંચિત રાખીને ઈશ્વરે તેને બચાવી હતી

એ વાતને તે સમજે છે. 'ઈશ્વર આપણા માટે જે કરે છે તે આપણા ભલા માટે જ કરે છે' તે ભાવ સાથે તેના સંઘર્ષનું નિવારણ થતાં તે સંતોષનો આનંદ અનુભવે છે.

'સાથ' વાર્તામાં સગર્ભાવસ્થાની પીડામાં જેઠાણીના સાથને ઝંખતી દેરાણીનું પાત્ર છે. જેઠાણીના સાથ માટે ઝૂરતી દેરાણી પોતાનું સત્ત્વ નિષ્ફળ જતાં દુઃખી થવાની જગ્યાએ ખુશ થતી જોવાય છે. આ રીતે ફરીથી જેઠાણી જેવી જ બનીને તે એના સાથને પામે છે. 'અનુભૂતિનો એક ખંડ' વાર્તામાં પાણીની ઝંખના કરતી બીમાર નાયિકા છે. અંતમાં પાણીની ઇચ્છા પૂર્ણ થતાં તે શાંત થાય છે. પાણી માટે પોતે જે શારીરિક અને માનસિક સંઘર્ષ કર્યો એની સાર્થકતા એને સમજાય છે. જીવનના સંઘર્ષોમાંથી કંઈક પ્રાપ્ત થાય જ છે. એ નિરર્થક હોતા નથી એ અનુભૂતિ સાથે એના સંઘર્ષનું નિરાકરણ આવે છે. 'દિવાળીના દીવા' અને 'આજે સવારે' અને 'જવા દઈશું તમને' વાર્તાની નાયિકાઓનાં જીવનમાં ખાલીપો છે. 'દિવાળીના દીવા'ની વૃદ્ધ નાયિકા પોતાના જેવી જ શિક્ષિકાનાં ઘરે બાળકોને આનંદ કરતાં જુએ છે. શિક્ષિકાના જીવનમાં તે પોતાના જીવનની અનુભૂતિ કરી તૃપ્ત થાય છે. 'આજે સવારે' વાર્તાની નિ:સંતાન મનોરમા પાડોશીના બાળક પ્રત્યે મમત્વ ધરાવે છે. તેની પર પોતાનો વાત્સલ્યભાવ ઢાળી તે સંઘર્ષનું સમાધાન શોધી લે છે.

'જવા દઈશું તમને' વાર્તાની વૃદ્ધ નાયિકા પોતાને સમજી શકનાર ઘરમાં કોઈ સ્વજન નથી એનો ખાલીપો અનુભવે છે. જીવનને ચાહનાર અને માણનાર નાયિકા મૃત્યુ સમયે એને ખંડિત થવા દેવા ઇચ્છતી નથી. અંતે એના જેવા જ વિચારો ધરાવતી પુત્રવધૂ મારિયા આવતાં તેના સંઘર્ષનું નિરાકરણ મળે છે. તેના માટે મૃત્યુની પળો ધન્ય બની ઊઠે છે. 'મારે એક મિત્ર છે' વાર્તામાં અજાણી સ્ત્રીના જીવન પરથી નાયિકા પ્રભુ જેવા મિત્રની ચાહના કરે છે. નિરાકરણ સ્વરૂપે નાયિકાને પોતાના કેન્દ્રમાંથી મુક્ત થઈ પ્રભુને પામવાની નવી દૃષ્ટિ સાંપડે છે. 'ઓછાયો' વાર્તામાં વિતાનની અસહાયતા જોઈને સતી દ્રવી ઊઠે છે. એને મદદ કરવાની તીવ્ર ચાહના ધરાવે છે. તેને મદદ કરી ન શકવાથી તે સંઘર્ષમાં મૂકાય છે. વાર્તાના અંતમાં તુહીનની દૃષ્ટિથી તે વિતાનમાં રહેલી દુષ્ટતાને પારખતી જોવા મળે છે.

આ જૂથમાં માત્ર એક વાર્તા 'અતૃપ્તિ'માં મનોરમાના સંઘર્ષનું અનિચ્છનીય પરિણામ જોવા મળે છે. જીવનના અંત સુધી નંદુને મેળવવા તે તલસે છે. નંદુને પામી ન શકવાની અતૃપ્તિ સાથે જ

વાર્તાનો અંત આવે છે. અહીં 'સૂર' અને 'ઢોળાયેલી સુગંધ' આ બે વાર્તાઓમાં નિરાકરણ જોવા મળતું નથી. આ વાર્તાઓમાં પાત્રોની ઇચ્છા પૂર્ણ થતી નથી. જેના કારણે સ્ત્રીપાત્રોનાં સંઘર્ષની તીવ્રતા સાથે બંને વાર્તાનો અંત આવે છે. આમ, આ જૂથમાં પણ વિવિધ સમસ્યાઓ સાથેનો સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ છે. આ સંઘર્ષમાંથી નીકળવાના માર્ગ પણ જોવા મળે છે.

## જૂથ ૩ - તિરસ્કાર

આ જૂથમાં તિરસ્કાર ભાવનાના સંઘર્ષની વાત કરવામાં આવી છે. કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીપાત્રો પોતાની ઇચ્છાઓ અને આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે જે તે વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિથી દૂર થાય છે. સંઘર્ષ જગાડનાર ઉદ્દીપકને તિરસ્કૃત કરતાં પણ તે અચકાતાં નથી. સંઘર્ષનાં વર્ગીકરણ મુજબ ત્રીજા ક્રમે તિરસ્કારનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે. ભાવનાત્મક સંઘર્ષની કઈ સ્થિતિમાં પાત્રોએ તિરસ્કારનું નિરાકરણ સ્વીકાર્યું છે તે વિશેનો અભ્યાસ આ જૂથમાં કરવામાં આવ્યો છે. જે નીચે મુજબ છે.

- 'તમારાં ચરણોમાં' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

પુરુષના આધિપત્ય નીચે કચડાતી આવતી શીલા સંઘર્ષ અનુભવે છે. તે પતિને પત્ર લખે છે. એમાં એનો પતિ સાથેનો સંઘર્ષ જોવા મળે છે. અંતે આ સંઘર્ષથી મુક્ત થવા એ સ્થિતિથી, એ વ્યક્તિથી દૂર જતાં રહેવાનો સંકલ્પ કરે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "જીવનમાં જે સૌથી મોટું છે એને તમારી ઇચ્છાઓ નીચે... હું ચાલી જાઉં છું... અને કામનાઓ હવાની લહર જેવી મુક્ત છે." (પૃ. ૪૭)

આ રીતે અંતમાં શીલા પોતાની ઇચ્છાઓ પ્રમાણેનું જીવન જીવવા માટેનો સંકલ્પ કરતી જોવા મળે છે.

નીલાના સંઘર્ષની વાત કરીએ તો અનિચ્છાએ થતાં લગ્નને કારણે તે આત્મહત્યા કરી લે છે. અહીં નીલાના સંઘર્ષનું અનિચ્છનીય પરિણામ મળતું જોવા મળે છે.

- 'રંગ તો છે ને!' (કાગળની હોડી, ૧૯૭૮)

મૃત્યુના બેસણાનાં પ્રસંગમાં સ્વજનોનાં ખોટા આડંબર નાયિકાને અકળાવી મૂકે છે. અંતમાં સૂર્યાસ્તનું છેલ્લું કિરણ જાણે એનાં માથે હાથ ફેરવતું હોય એમ તે અનુભવે છે. સુકંઠના મૃત્યુ પછી સફેદ રંગને બદલે તે ભગવાન બુદ્ધનાં વસ્ત્રો જેવા સૂરજના પીળા રંગને અપનાવે છે. મેઘધનુષના રંગોને સમાવી લેનાર સૂર્યનાં કિરણોરૂપી આ રંગની શ્રેષ્ઠતાને તે પામી લે છે. તેના સંઘર્ષનું સમાધાન આ વિધાનોમાં સૂચવાયું છેઃ "આમાંથી જલ્દી બહાર નીકળી જવું જોઈએ... તે બોલી ઊઠીઃ 'રંગ, સૂરજને રંગ છે ને?'... તે એકલી જીવતી રહી સૂરજના ધબકતા રંગમાં." (પૃ. ૬૭)

અહીં સફેદ રંગને ત્યજીને જીવનને રંગીન બનાવવાનો નિશ્ચય કરતી નાયિકા જોવા મળે છે.

- 'સર્વનાશ' (કાગળની હોડી, ૧૯૭૮)

પતિની વધુ પડતી અપેક્ષાઓને કારણે મધુરીમાં પતિ પ્રત્યે વિરોધ જાગૃત થાય છે. અનાયાસે દાઝી ગયેલી મધુરી પોલીસને મૃત્યુ સમયનું નિવેદન આપતાં જણાવે છે કેઃ "હું લખાવું છું તે અક્ષરે અક્ષર સાચું છે... મારા પતિએ જાણીબૂઝીને મારી હત્યા કરી છે." (પૃ. ૧૧૩)

પતિ વિરુદ્ધનું નિવેદન આપીને તે સદાય માટે પતિનો સર્વનાશ કરી નાંખે છે. અંતિમ સમયનાં નિવેદનમાં તે પતિને દોષિત ઠેરવે છે. આ રીતે એને તિરસ્કૃત કરીને તે બદલો વાળતી જોવા મળે છે. અંતે મૃત્યુનાં અનિચ્છનીય પરિણામ સાથે એનાં સંઘર્ષનું શમન થાય છે.

- 'પ્રતિશોધ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

અપેક્ષાઓ ભંગ થવાથી અચિરા હતાશ થાય છે. આકાશે કહેલાં શબ્દોને જ અનુસરતી અચિરા હંમેશા ઘરના સભ્યોને ખુશ રાખવાના પ્રયત્નો કરતી જોવાય છે. આ રીતે તે આકાશ તરફ દુર્લક્ષ સેવી તેને પત્નીસુખથી વંચિત રાખે છે. આ રીતે તે એક પ્રકારના બદલા સાથે આકાશનો તિરસ્કાર કરતી જોવા મળે છે. તેના આ વર્તનમાં સંઘર્ષનું શમન જોવા મળે છે.

- 'ન્યાય' (જવા દઈશું તમને, ૧૯૮૩)

રાધિકા સ્ત્રી-પુરુષ સમાનતામાં માનનારી છે. શ્યામના આધિપત્યને કારણે તે સંઘર્ષ અનુભવે છે. અંતમાં તે એની સામે વિરોધ દર્શાવે છે. સ્વતંત્ર રહેવાના નિશ્ચય સાથે તે ઘર છોડવાનું વિચારે છે. સમાનતામાં માનનારી રાધિકા ઘર છોડતી વખતે દરેક વસ્તુઓની સરખે ભાગે વહેંચણી કરતી જોવા મળે છે.

પતિના આધિપત્યને તિરસ્કૃત કરતી રાધિકાના સંઘર્ષનું શમન આ વિધાનોમાં જોવા મળે છે: "બધું કહીને, સ્પષ્ટ કરીને જવું છે... એ બીજી વ્યક્તિ પતિ હોય તો પણ નહિ." (પૃ. ૧૯૫)

- 'આ ઉંમરે એકલી?' (મનુષ્ય થવું, ૧૯૯૦)

ઉપેક્ષાના કારણે ઉષા હતાશા અનુભવે છે. વૃદ્ધાવસ્થા આવતાં પહેલાં જ પરિવારજનો એને વૃદ્ધ બનાવી મૂકશે એ વિચારે તે ભય પણ અનુભવે છે. વધુ પડતી ઉપેક્ષા સહન ન થતાં એનાં મનમાં પુત્ર પ્રત્યે તિરસ્કાર જાગે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "ધીમા મક્કમ અવાજે કહ્યું: 'તો પછી આશુ, તું લોનની વ્યવસ્થા કરી તારે માટે બીજું મકાન ખરીદી લે... તારી સાથે રહેવાનું મને નહિ ફાવે.'" તે પુત્રને બીજું ઘર શોધી લેવા કહીને સ્વતંત્ર રહેવાનો સંકલ્પ કરે છે. આ સાથે સંઘર્ષનું શમન થાય છે.

- 'કરોળિયાનું ઘર' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

વૃદ્ધ નાયિકા બીમારીના કારણે પથારીવશ છે. વૃદ્ધાવસ્થામાં પુત્રો દ્વારા ઉપેક્ષાની અનુભૂતિ કરે છે. આ કારણે સંઘર્ષ અનુભવે છે. મિલકત માટે પુત્રો તેના મૃત્યુની રાહ જોઈ રહ્યા છે એ જાણે છે. તે પોતાની બધી જ મિલકત ધર્માદામાં આપીને મૃત્યુ પામે છે. આ રીતે પુત્રોને તિરસ્કૃત કરીને તે ઉપેક્ષાનો બદલો લઈ તૃપ્ત થતી જોવા મળે છે. આ વિધાનોમાં એના સંઘર્ષનું નિરાકરણ જોઈ શકાય છે: "તિરસ્કારનું એક આછું સ્મિત એના મોં પર પથરાયું. ધ્રૂજતા હાથે એણે પેન પકડી... એ પલંગમાં પડી." (પૃ. ૨૬)

ભાવનાત્મક સંઘર્ષ વધુ તીવ્ર બનવાથી તે વધુ ઉત્તેજિત બને છે. જે એના મૃત્યુનું કારણ બને છે.

જૂથ સમાપન

આ જૂથમાં વિવિધ ભાવનાઓના સમન્વય વડે સ્ત્રીપાત્રોમાં પોષાતો તિરસ્કાર ભાવ જોવા મળે છે. આ જૂથમાં કુલ ૭ વાર્તાઓ છે. તમામ વાર્તાઓમાં સંઘર્ષનું નિરાકરણ જોવા મળે છે. આ જૂથનાં સ્ત્રીપાત્રોનાં મનમાં ઉદ્દીપ્ત થતી વિવિધ ભાવનાઓ વડે જે તે ઉદ્દીપક પ્રત્યે તિરસ્કારનો ભાવ પોષાતો જાય છે. અંતે એ તિરસ્કાર બાકીના અન્ય ભાવ કરતાં વધુ પ્રબળ સાબિત થાય છે. જેના કારણે આ સ્ત્રીપાત્રો ઉદ્દીપકને તિરસ્કૃત કરતાં જોવા મળે છે.

'કરોળિયાનું ઘર' અને 'આ ઉંમરે એકલી?' વાર્તાઓમાં વૃદ્ધ નાયિકાઓ છે. પરિવારની ઉપેક્ષાનો ભોગ બને છે. જેના કારણે તેમનાં મનમાં ક્રોધ, હતાશા, દુઃખ, ધૃણા, વેર, ભય જેવા ભાવ ઉદ્દીપ્ત થાય છે. આ ભાવનાઓ વડે એમનો પરિવાર પ્રત્યેનો તિરસ્કાર પોષાતો જાય છે. ભાવનાત્મક સંઘર્ષના પરિણામે આ પાત્રો ઉત્તેજિત થતાં રહે છે. અંતે આ સંઘર્ષની તીવ્રતા ચરમસીમાએ પહોંચતાં તે કોઈનાથી ડર્યા વગર પરિવારનાં સભ્યોને તિરસ્કૃત કરતાં અચકાતાં નથી. 'કરોળિયાનું ઘર' વાર્તાની નાયિકા પોતાના સ્વાર્થી પુત્રોને મિલકતમાંથી બાકાત કરીને તૃપ્ત થાય છે. 'આ ઉંમરે એકલી?' વાર્તાની ઉષા બિલકુલ ડર્યા વિના પુત્રને નવું ઘર શોધી લેવા જણાવે છે. જીવનના પાછલા પહોરમાં તે પોતાના ઘરમાં કોઈનાય બંધન વિના સ્વતંત્ર રહેવાનો નિશ્ચય કરતી જોવા મળે છે.

'તમારાં ચરણોમાં', 'સર્વનાશ', 'ન્યાય', અને 'પ્રતિશોધ' જેવી વાર્તાઓમાં પુરુષનું આધિપત્ય છે. પુરુષ દ્વારા થતું સ્ત્રીનું વધુ પડતું દમન અંતમાં તિરસ્કાર માટે કારણભૂત બન્યું છે. 'તમારાં ચરણોમાં', 'સર્વનાશ', અને 'ન્યાય' વાર્તાની નાયિકાઓ પોતાના પતિના દમનથી ત્રાસી ગઈ છે. 'તમારાં ચરણોમાં' વાર્તાની શીલાને પતિના પ્રેમના ઓછાયા હેઠળ ઇચ્છાઓના દમનનો અહેસાસ થાય છે. આ સ્થિતિમાં એના મનમાં ઇચ્છા, હતાશા, પીડા, ક્રોધ અને ધૃણા જેવા ભાવ ઉદ્દીપ્ત થાય છે. પ્રેમના આડંબર હેઠળ દમનની અતિશયોક્તિ તે સહન કરી શકતી નથી. અંતમાં પતિના પ્રેમથી તે નફરત અનુભવે છે. આ સ્થિતિમાં તે મનની વ્યથા રજૂ કરતો પત્ર પતિને લખે છે. તેનાથી દૂર જઈ ઇચ્છાઓ મુજબનું જીવન જીવવાનો નિર્ધાર કરે છે. 'સર્વનાશ' વાર્તાની મધુરી પણ પતિની ઇચ્છાઓને અનુસરતી આવી છે. પતિની આજ્ઞાઓ હેઠળ સ્પ્રિંગની જેમ દબાતી એની હતાશા, ક્રોધ, ધૃણાનો સંઘર્ષ મૃત્યુની

ક્ષણોમાં તીવ્ર બને છે. પોલીસ સમક્ષ પોતાના મૃત્યુ માટે પતિને જવાબદાર ઠેરવે છે. આ રીતે તે પતિના તિરસ્કાર દ્વારા પોતાના દમનનો બદલો લે છે.

'ન્યાય' વાર્તાની રાધિકા સ્વતંત્રતા અને સમાનતાની આગ્રહી છે. લગ્ન પછી ધીમે ધીમે તે શ્યામમાં પુરુષને ડોકિયું કરતો અનુભવે છે. દરેક વાતમાં પોતાની વાતને જુદી કહેનાર શ્યામનો તે નીડરતાથી સામનો કરે છે. પતિના આધિપત્યને તે હિંમતથી પડકારે છે. ઘર છોડતી વેળાએ તે દરેક વસ્તુની સમાન વહેંચણી કરતી જોવા મળે છે. અંતમાં પતિને છોડીને સ્વતંત્ર રહેવાનો સંકલ્પ કરે છે. 'પ્રતિશોધ' વાર્તાની અચિરાનાં લગ્નજીવન માટે જોયેલાં સ્વપ્નો પ્રથમ રાત્રિએ જ તૂટી જાય છે. આકાશ દ્વારા બોલાયેલું 'અધર્સ ફર્સ્ટ' વાક્ય સાંભળી તેનું મન હચમચી જાય છે. તીવ્ર હતાશા સાથે એ પતિની આજ્ઞાને સ્વીકારે છે. એ વાક્યના અનુસરણ દ્વારા જ તે આકાશનો તિરસ્કાર કરે છે. તેને સમર્પિત ન થઈ પળપળ મારતી જોવા મળે છે. આમ, આ જૂથમાં સંઘર્ષના નિરાકરણ માટે નાયિકાઓમાં તિરસ્કારનો ભાવ મજબૂત બન્યો છે. જેના કારણે આ સ્ત્રીપાત્રો સંઘર્ષમય ઉદ્દીપકોથી દૂર રહેવાના સંકલ્પ દ્વારા ભાવનાત્મક સંઘર્ષમાંથી મુક્ત થતાં જોવા મળે છે.

## જૂથ ૪ – પીડા

આ જૂથમાં પીડાના ભાવનાત્મક સંઘર્ષના નિરાકરણોનો અભ્યાસ કરાયો છે. કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોની મનોગત ભાવલાગણીઓ પણ નકારાત્મક ભાવનાઓને ઉદ્દીપ્ત કરવા સહાયક બની છે. સ્વજન માટેની સ્વભાવગત લાગણીઓને વશ થઈ આ જૂથનાં સ્ત્રીપાત્રો પીડાનો ભાવ અનુભવતાં જોવા મળે છે. સંઘર્ષનાં વર્ગીકરણ મુજબ ચોથા ક્રમે પીડાનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે. પીડાના ભાવનાત્મક સંઘર્ષમાંથી મુક્ત થવા સ્ત્રીપાત્રો કયાં પ્રકારના નિરાકરણો તરફ વળે છે તે વિશેનો અભ્યાસ આ જૂથમાં કરવામાં આવ્યો છે.

- 'ભેટ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

વાર્તામાં પુત્રના અચાનક થયેલા અવસાનથી તોષા દુઃખી થાય છે. આ સ્થિતિમાં તે પીડાનો સંઘર્ષ અનુભવે છે. તોષાની એકલતામાં હૂંફનો સ્પર્શ આપવાના હેતુસર સંતોષ આગળના પ્રવાસમાં એને

સાથે લેવાનો પ્રસ્તાવ મૂકે છે. જેનો તોષા સ્વીકાર કરે છે. આ સાથે એના સંઘર્ષનું નિરાકરણ મળતું જોવાય છે. આ વિધાનોમાં તે જોઈ શકાય છે: "તોષા સમજી. પોતાને આમ આમંત્રણ આપતાં પહેલાં આ એક અજાણ્યો... સંતોષ તેની સામે મૃદુ હસી રહ્યો." (પૃ. ૧૬૫)

ઉપરોક્ત વિધાનો સાથે સંતોષ અને તોષા વૃદ્ધાવસ્થામાં એકબીજાની હૂંફ મળી રહે એ હેતુથી એક નવા સંબંધની શરૂઆત કરતાં જોવા મળે છે. આ સાથે બંનેનાં સંઘર્ષનું નિરાકરણ મળે છે.

- 'પ્રેમનાં આંસુ' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

વ્હાલસોયો કિરણ અપંગ બન્યો છે. આ સ્થિતિમાં તેની અસહાયતાની પીડા સુશીલા જીરવી શકતી નથી. તીવ્ર ભાવનાત્મક સંઘર્ષના કારણે તે મૃત્યુ પામે છે. તેના સંઘર્ષનું અનિચ્છનીય પરિણામ અહીં જોવા મળે છે. હતાશાનો સંઘર્ષ અનુભવતી સરયુને અંતમાં કિરણનો સાક્ષાત્કાર થાય છે. કિરણની સુંદરતા અને માસૂમિયત પર તે મોહી જાય છે. એ બાળક માટે તે ગર્વ અનુભવે છે. સત્યનું ભાન થતાં જ એના મનમાં કિરણને લઈને જે નકારાત્મક વિચારો ઊઠ્યા હતા તે શમી જાય છે. તે કિરણને અપનાવતી જોવા મળે છે. આ સ્થિતિમાં સરયુના મનોસંઘર્ષનું સુખદ અંત આવે  છે.

- 'એક રાતની વાત' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

બાળકના મૃત્યુના આઘાતથી રાધા તીવ્ર પીડા અનુભવે છે. જેના કારણે તે માનસિક સંતુલન ખોઈને પાગલ બને છે. અહીં એના ભાવનાત્મક સંઘર્ષનું અનિચ્છનીય પરિણામ જોવા મળે છે. નાયક પણ ભૂતકાળમાં થઈ ગયેલ ભૂલ માટે પસ્તાવો કરે છે. એના સિવાય તે કશું જ કરી શકતો નથી. અહીં એના સંઘર્ષનું પણ શમન થતું જોવા મળતું નથી.

- 'કોઈક દિવસ' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

દાદાજીના અવસાન પછી મૃત્યુવિષયક પ્રશ્નોના જવાબ માટેની મથામણ કરે છે. તેને કોઈની પાસેથી સંતોષકારક જવાબ મળતા નથી. આ સ્થિતિમાં તે પણ ધીમે ધીમે મૃત્યુની સમીપે પહોંચી જાય છે. તેની આ સ્થિતિ માતામાં સંઘર્ષ ઉદ્દીપ્ત કરે છે. અંતમાં બાળનાયકનું મૃત્યુ થાય છે. માતાના સંઘર્ષનું શમન થતું અહીં જોવા મળતું નથી.

- ‘યુદ્ધ...વિરામ....શાંતિ!’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

યુદ્ધમાં ગયેલ જેનસાનની રાહ જોતી જાસ્મીન સંઘર્ષ અનુભવે છે. સમયાંતરે યુદ્ધવિરામની વાતો વચ્ચે અંતે જેનસાન વીરગતિ પામે છે. મિલન માટે તલસતી જાસ્મીનની પીડાનો સંઘર્ષ જેનસાનના મૃત્યુ સાથે જ વધુ ગાઢ બનતો જોવા મળે છે. એના સંઘર્ષનું નિરાકરણ જોવા મળતું નથી.

જૂથ સમાપન

આ જૂથમાં સ્ત્રીહૃદયનાં માતૃભાવ, દયા, કરુણા, વાત્સલ્ય, અને પ્રેમ જેવા ભાવો પીડા માટે કારણભૂત બન્યાં છે. સ્વજન માટેની ભાવલાગણીઓને ને વશ થઈને આ જૂથનાં સ્ત્રીપાત્રો પીડાનો ભાવ અનુભવતાં જોવા મળે છે. અહીં કુલ ૫ વાર્તાઓ છે. જેમાંથી ૩ વાર્તાઓમાં સંઘર્ષનું નિરાકરણ જોવા મળે છે. બે વાર્તાઓમાં નિરાકરણ જોવા મળતું નથી. આ જૂથનાં સ્ત્રીપાત્રોમાં પોતાના સ્વજન પ્રત્યેની તીવ્ર લાગણીઓના કારણે પીડાનો ભાવ પોષાતો જાય છે. એને પોષવામાં અન્ય ગૌણ ભાવનાઓ પણ મદદરૂપ બનતી જોવાય છે. અંતે સમગ્રતયા પીડાનો ભાવ વધુ પ્રબળ સાબિત થાય છે. જેના કારણે આ સ્ત્રીપાત્રો સંઘર્ષ કરતાં જોવા મળે છે.

‘ભેટ’, ‘પ્રેમનાં આંસુ’, અને ‘એક રાતની વાત’ વાર્તામાં સંઘર્ષનું નિરાકરણ જોવા મળે છે. ‘કોઈક દિવસ’ અને ‘યુદ્ધ...વિરામ...શાંતિ!’ વાર્તાઓમાં સંઘર્ષનું નિરાકરણ જોવા મળતું નથી. ‘ભેટ’, ‘પ્રેમનાં આંસુ’, ‘એક રાતની વાત’, અને ‘કોઈક દિવસ’ વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનો પોતાના બાળક પ્રત્યેનો માતૃભાવ પ્રકટ થયો છે. ‘ભેટ’ વાર્તાની વૃદ્ધ નાયિકા તોષાને નવપરિણીત પુત્ર અને પુત્રવધૂનું અકસ્માતમાં મૃત્યુ થયાના સમાચાર મળે છે. વૃદ્ધત્વની ઘડીઓમાં યુવાન પુત્રનો આશરો છીનવાતાં તે એકલતાની અસહ્ય પીડા અનુભવે છે. આ સંઘર્ષની સ્થિતિમાં માત્ર થોડા દિવસોની મુલાકાતમાં મિત્ર બનેલો સંતોષ તેની પડખે ઊભો રહે છે. તેને સંભાળે છે. અંતે સંતોષ વૃદ્ધત્વની એકલતામાં એકબીજાને પ્રેમની હૂંફ મળી રહે તે હેતુથી તોષા સમક્ષ એક નવા સંબંધનો પ્રસ્તાવ મૂકે છે. જેના સ્વીકારમાં તોષા અને સંતોષ બંનેના સંઘર્ષનું શમન જોવા મળે છે.

'પ્રેમનાં આંસુ', અને 'એક રાતની વાત' આ બંને વાર્તાઓમાં પણ પોતાના બાળકની ચિંતા કરતી માતાઓ છે. 'પ્રેમનાં આંસુ' વાર્તાની સુશીલા અપંગ કિરણની અસહાયતા જોઈ શકતી નથી. પોતાના વ્હાલસોયા બાળકની ચિંતામાં જ તે પીડાતી રહે છે. અંતે તે મૃત્યુ પામે છે. 'એક રાતની વાત' વાર્તાની રાધાનું બાળક બીમાર હોવાથી કામમાં મન પરોવી શકતી નથી. ઘરે જવાની રજા ન મળવાથી તે સમયસર બાળક પાસે પહોંચી શકતી નથી. બાળકનું મૃત્યુ થાય છે. તીવ્ર પીડાના આવેગને સહન કરી ન શકતી રાધા માનસિક સંતુલન ગુમાવી બેસે છે. આમ, આ બંને વાર્તામાં નાયિકાઓ સુશીલા અને રાધાની પીડાના સંઘર્ષનું અનિચ્છનીય પરિણામ મળે છે. 'કોઈક દિવસ' વાર્તામાં બાળનાયક મૃત્યુની બિલકુલ નજીક આવી પહોંચ્યો છે. પોતાના બાળકને આ સ્થિતિમાં જોઈ એની માતા પીડા અનુભવે છે. મૃત્યુને રોકી ન શકતી માતાના સંઘર્ષનું નિરાકરણ જોવા મળતું નથી.

'યુદ્ધ...વિરામ...શાંતિ!' વાર્તામાં જાસ્મીનનો જેનસાન પ્રત્યેનો પ્રેમ એની પીડાનું કારણ બન્યો છે. જેનસાનના યુદ્ધમાં જવાથી તેને ખૂબ જ ચાહતી જાસ્મીન વિરહની પીડા અનુભવે છે. જેનસાનના મૃત્યુના સમાચાર મળતાં તેની પીડા તીવ્ર બને છે. પતિમિલનની તેની ઇચ્છા અધૂરી જ રહી જાય છે. આ સ્થિતિમાં સંઘર્ષનું નિરાકરણ જોવા મળતું નથી.

## જૂથ ૫ - ક્રોધ

આ જૂથમાં ક્રોધના ભાવનાત્મક સંઘર્ષ વિશે અભ્યાસ કરવાનું નિહિત છે. કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીપાત્રો પોતાની સ્વતંત્રતાને ઝંખે છે. આ સ્વતંત્રતા પર અંકુશ આવતાં તે ક્રોધિત થઈ ઊઠે છે. ક્યારેક ઇચ્છા મુજબની પરિસ્થિતિ ન મળતાં પણ એમનો ક્રોધ વ્યક્ત થાય છે. આ બધાં જ કારણોને વશ થઈ આ જૂથનાં સ્ત્રીપાત્રો ક્રોધનો ભાવ અનુભવતાં જોવા મળે છે. સંઘર્ષનાં વર્ગીકરણ મુજબ પાંચમાં ક્રમે ક્રોધનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે. ક્રોધના ભાવનાત્મક સંઘર્ષમાંથી મુક્ત થવા સ્ત્રીપાત્રો કયાં પ્રકારના નિરાકરણો તરફ વળે છે તે વિશેનો અભ્યાસ આ જૂથમાં કરવામાં આવ્યો છે.

- ‘ચકલાંધર’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયકની મા અને પત્ની એકબીજાને સમજી શકતાં નથી. આ કારણે બંનેનો એકબીજા સાથેનો ક્રોધનો સંઘર્ષ જોવા મળે છે. અંતમાં શકુંતલાનું સત્ત્વ નિષ્ફળ જવાથી બંનેને જીવનનો સાર સમજાય છે. જીવન પ્રત્યેની સમજણ પ્રાપ્ત થતાં બંનેમાં પરસ્પર પ્રેમભાવ જાગે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: “અમે પાછાં આવ્યાં, પછી મા ચકલાંધર તરફ ગઈ નથી... કબૂતરને, માને, શકુંતલાને, મને..” (પૃ. ૯૭)

આ રીતે જીવનની સમજ પ્રાપ્ત થતાં બંનેના એકબીજા પ્રત્યેના ક્રોધના સંઘર્ષનું નિરાકરણ જોવા મળે છે.

- ‘ફ્લાવરવેલી’ (મનુષ્ય થવું, ૧૯૯૦)

પુરુષનું આધિપત્ય દર્શાવતા સમાજના નિયમોને કારણે લેખા સંઘર્ષ અનુભવે છે. લગ્ન માટે ફરીથી નવા છોકરા સાથે તેની મુલાકાત ગોઠવાય છે. એની સામે પણ તે પોતાના મુક્ત જવાબો આપે છે. યુવાન પણ તેના જેવા જ વિચારો ધરાવતો હોવાથી તે એને પસંદ કરી લે છે. લેખાની સંઘર્ષમય સ્થિતિના સુખદ સમાધાન સાથે વાર્તાનો અંત આવે છે.

- ‘ખુરસી’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

નિરંજનના આધિપત્ય સામે સીતાનો વિરોધનો સૂર ઊઠે છે. ખુરસીના પ્રતીક દ્વારા તેને સીતાનાં સ્ત્રીત્વનો ખ્યાલ આવે છે. વાર્તાના અંત સુધી પણ સીતા ઉગ્ર બનીને બોલતી જ જોવા મળે છે. એનાં સંઘર્ષનું શમન જોવા મળતું નથી. સીતાના ક્રોધને કારણે એનાં અવાજ સામે નિરંજન પોતાનાં અવાજને દબાતો અનુભવે છે. સીતા સામે એનું અસ્તિત્વ ડગી જતું અનુભવે છે.

જૂથ સમાપન

આ જૂથમાં કુલ ૩ વાર્તાઓ છે. જેમાંથી ૨ વાર્તાઓમાં સંઘર્ષનું નિરાકરણ જોવા મળે છે. એક વાર્તામાં નિરાકરણ જોવા મળતું નથી. અહીં મનગમતી સ્થિતિ પર અંકુશ અને આધિપત્ય જેવાં કારણો ક્રોધ માટે જવાબદાર બન્યાં છે. આ સંઘર્ષના નિરાકરણ માટે જે તે સ્થિતિનો વિરોધ દર્શાવતાં સ્ત્રીપાત્રો આ જૂથમાં જોવા મળે છે.

‘ચકલાંઘર’, ‘ફલાવરવેલી’, અને ‘ખુરસી’ જેવી વાર્તાઓમાં નાયિકાઓનો ક્રોધનો સંઘર્ષ છે. ‘ચકલાંઘર’ વાર્તામાં સાસુ અને વહુના વિચારોમાં વિરોધાભાસ છે. બંને એકબીજાને સમજી શકતા નથી. આ કારણે બંને એકબીજા પર નાની નાની વાતોમાં ક્રોધ કરતાં જોવા મળે છે. શકુંતલાનું સત્ત્વ નિષ્ફળ જવાની ઘટના પછી બંનેના વિરોધાભાસનું શમન થાય છે. એકબીજા પ્રત્યેની સમજ વિકસતાં પરસ્પર હળીમળીને રહે છે. ‘ફલાવરવેલી’ વાર્તાની લેખા સ્વતંત્રતાને ઝંખે છે. સમાજના નિયમોનું બંધન તેને ખૂંચે છે. લગ્ન માટે જોવા આવનાર યુવક પોતાને પસંદ કરી લે તે માટે યુવકની ઇચ્છા મુજબ વર્તન કરવું એને ગમતું નથી. જે તેના ક્રોધને ઉદ્દીપ્ત કરે છે. અંતમાં એની રસ-રુચિ મુજબ કાર્ય કરવાની સ્વતંત્રતા આપે એવું પાત્ર એને મળી જાય છે.

‘ખુરસી’ વાર્તાની સીતા લગ્ન કર્યા પછીથી પતિના આધિપત્યને સહન કરતી આવી છે. હવે એની સહનશીલતાની હદ આવતાં તે નિરંજન પર ક્રોધે ભરાઈ છે. અત્યાર સુધી સહન કરી ચૂકેલી બાબતોને તે પતિ સમક્ષ ખુલ્લી પાડે છે. જેના કારણે નિરંજનને સીતાના એક સ્ત્રી તરીકેના અસ્તિત્વનું ભાન થાય છે. આ વાર્તાના અંત સુધી સીતા પોતાનો બળાપો કાઢતી જ જોવા મળે છે માટે એના ક્રોધના સંઘર્ષનું નિરાકરણ નથી. આમ, આ જૂથમાં સ્ત્રીપાત્રોનાં વિરોધમાં ક્રોધનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળ્યો છે.

## જૂથ ૬- ઈર્ષ્યા

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનો ઈર્ષ્યા ભાવ દર્શાવતી વાર્તાઓ પણ જોવા મળે છે. સંઘર્ષનાં વર્ગીકરણ મુજબ છઠ્ઠા ક્રમે ઈર્ષ્યાનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે. ઈર્ષ્યાના ભાવનાત્મક સંઘર્ષમાંથી મુક્ત થવા સ્ત્રીપાત્રો કયાં પ્રકારના નિરાકરણો તરફ વળે છે તે વિશેનો અભ્યાસ આ જૂથમાં કરવામાં આવ્યો છે.

- ‘અસત્યનાં ચરમ બિંદુએ’ (કાગળની હોડી, ૧૯૭૮)

અસીમા પ્રત્યે ઈર્ષ્યા અનુભવતી સુમિતા ખોટી રીતે અંજનને આકર્ષે છે. પરિસ્થિતિનું ભાન થતાં તે પોતાની ભૂલ પર પસ્તાય છે. આ સ્થિતિમાં અંજન એને સંભાળી લે છે. એની સમજાવટથી અંતમાં તે અંજન સાથે જ લગ્ન માટે તૈયાર થતી જોવા મળે છે. આ વિધાનોમાં એના સંઘર્ષનું નિરાકરણ જોવા મળે છેઃ "સુમિતાને સારું લાગ્યું. કોને ખબર, તે અસીમાથી સ્વતંત્ર એવી, પોતાના જ રૂપે પોતે બની રહે તો કદાચ અંજનને ચાહી પણ શકે....કોને ખબર છે...?" (પૃ. ૨૫)

આ રીતે અંજન સાથે લગ્ન કરીને સત્ય તરફ જવાની દૃષ્ટિ મળતાં તેના સંઘર્ષનું શમન થાય છે.

- 'સુખ' (કાગળની હોડી, ૧૯૭૮)

અમિતાને એની બધી જ સંપત્તિ નાશવંત છે એ વાત સમજાય છે. તમામ પ્રકારનાં વૈભવમાં પણ તે દરિદ્રતાનો અનુભવ કરે છે. આ સ્થિતિમાં એની ઈર્ષ્યા વધુ તીવ્ર બનતી જોવા મળે છે. સંઘર્ષનું શમન થતું અહીં જોવા મળતું નથી.

સમાપન

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં ઈર્ષ્યાનો ભાવ વધુ જોવા મળતો નથી. માત્ર બે વાર્તાઓમાં ઈર્ષ્યા ભાવનું વર્ણન છે. જેમાંથી એક વાર્તામાં સંઘર્ષનું નિરાકરણ છે જયારે બીજીમાં નથી.

અહીં 'અસત્યનાં ચરમ બિંદુએ' વાર્તામાં પોતાની ઉપેક્ષાને કારણે સુમિતા મોટી બહેન પ્રત્યે ઈર્ષ્યા અનુભવે છે. આ સંઘર્ષના નિરાકરણ સ્વરૂપે તે અંજનને સ્વીકારતી જોવા મળે છે. 'સુખ' વાર્તામાં અમિતાને પોતાના વૈભવ કરતાં નાની બહેન સોનાની સાદગી વધુ ચઢિયાતી લાગે છે. જે એની ઈર્ષ્યાનું કારણ બને છે. આ સત્ય સમજાતાં તેનો સંઘર્ષ તીવ્ર બનતો જોવા મળે છે.

## જૂથ ૭ - ભય

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનો ભય દર્શાવતી માત્ર એક વાર્તા જોવા મળે છે. સંઘર્ષનાં વર્ગીકરણ મુજબ તે સાતમા અને છેલ્લા ક્રમે જોવા મળે છે. આ વાર્તાના નિરાકરણને સમજીએ.

- 'આગળ શું આવશે?' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

શરૂઆતથી અંત સુધી નિર્દોષ બાળકીના જીજ્ઞાસા પ્રેરક સવાલો અને એની માની મૃત્યુ નજીકની સ્થિતિનું આલેખન છે. અંતમાં બાળકીની માતા મૃત્યુ પામે છે એની સાથે જ એ ફરીથી નિર્દોષ ભાવે બોલી ઊઠે છે કે "સૂરજ તો ડૂબી ગયો. હવે આગળ શું આવશે?' પરિસ્થિતિથી અજાણ બાળકીના મુખે આ વાક્ય સાંભળી નાયિકાનો સંઘર્ષ વધુ તીવ્ર બને છે. આ સાથે વાર્તાનો અંત આવે છે.

જૂથ સમાપન

આ જૂથમાં માત્ર એક વાર્તાનો સમાવેશ થયો છે. અહીં નાયિકા પોતાની સામેની સીટ પર સૂતેલી બાળકીની માને મૃત્યુ પામતી જુએ છે. આ કારણને રજૂ કરી નાયિકાના ભયને જાગૃત કરવામાં આવ્યો છે. અંતમાં તેનો સંઘર્ષ વધતો જોવા મળે છે. ભયનું નિરાકરણ વાર્તાકારે દર્શાવ્યું નથી.

## પ્રકરણ સમાપન

આ પ્રકરણમાં સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષના નિરાકરણને ચકાસવા માટે સ્ત્રીપાત્રોના સંવેદનો મુજબ વાર્તાઓનું વર્ગીકરણ કરાયું છે. એ માટે સંઘર્ષનાં નિરાકરણની તીવ્રતાનો સહારો પણ લેવાયો છે. સમગ્ર પ્રકરણના અભ્યાસ દ્વારા સમજાય છે કે વાર્તાકારની મહત્તમ વાર્તાઓમાં સ્ત્રીનાં ભાવનાત્મક સંઘર્ષના નિરાકરણો આપેલાં છે. અહીં પસંદ કરાયેલી ૫૭ વાર્તાઓમાંથી ૪૭ વાર્તાઓમાં આપણને ભાવનાત્મક સંઘર્ષનું નિરાકરણ જોવા મળે છે. જે કુન્દનિકા કાપડીઆનાં જીવન તરફના સકારાત્મક દૃષ્ટિકોણની આગવી સમજને ઉજાગર કરે છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં મુખ્યત્વે હતાશા, ઇચ્છા, તિરસ્કાર, પીડા, ક્રોધ, ઈર્ષ્યા અને ભયનો ભાવનાત્મક સંઘર્ષ દર્શાવતી વાર્તાઓ છે. જેનાં નિરાકરણો આ જૂથમાં જોવા મળે છે.

નિરાકરણ ગમે તે સ્વરૂપે મળ્યું હોય, પણ મુખ્યત્વે પાત્રોનાં ભાવનાત્મક સંઘર્ષનું શમન થવું એ અહીં મહત્વનું બની રહ્યું છે. ભાવનાત્મક સંઘર્ષને કારણે એમનાં સ્ત્રીપાત્રો નાસીપાસ થતાં નથી પરંતુ, એ નકારાત્મક ભાવનાઓને તે સાચા માર્ગે વાળી જીવનનું ઊર્ધ્વીકરણ કરતાં જોવા મળે છે.

એમની વાર્તાઓમાં દાંપત્યજીવન, સમાજ અને પુરુષનું આધિપત્ય, પ્રેમ નિષ્ફળતા, જીવનનો અસંતોષ, સ્ત્રીની સ્વભાવગત ભાવલાગણીઓ, વૃદ્ધાવસ્થા, જીવનની એકલતા અને ખાલીપો જેવી સમસ્યાઓનું આલેખન છે. જેમાં સ્ત્રીનો અસંતોષ વ્યક્ત થતો જોવા મળે છે. જે એમનાં ભાવનાત્મક સંઘર્ષને ઉદ્દીપ્ત કરે છે. વાર્તામાં વણાયેલી નાની નાની ઘટનાઓ અને પાત્રોનાં મનોગત ભાવો આ સંઘર્ષ પોષવામાં સહાયક બન્યાં છે. વાર્તાઓમાં ક્યારેક શરૂઆતથી અંત સુધી પાત્રોનો સંઘર્ષ છે તો કેટલીક વાર્તાઓમાં માત્ર એકાદ ઘટનાનું આલેખન કરીને સ્ત્રીના સંઘર્ષને વ્યક્ત કરાયો છે. સંઘર્ષની સ્થિતિમાં એમનાં પાત્રો મનોમંથન કરે છે. ત્યારબાદ સમજી વિચારીને નિરાકરણ તરફ આગળ વધે છે. આ સ્થિતિમાં મોટાભાગનાં પાત્રો સમજદારીથી કામ લે છે.

કેટલાંક પાત્રોને સ્વજાગૃતિ વડે અથવા તો અન્યની સહાયતાથી નિરાકરણ મળી જાય છે. તો વળી કેટલાંક પાત્રોને ઈશ્વરીય મદદ પણ મળી છે. સંઘર્ષની પરિસ્થિતિમાંથી મુક્તિ મેળવવા એમનાં સ્ત્રીપાત્રો સમાજસેવા તરફ, અધ્યાત્મ, સાદગી, સંયમ, ઈશ્વરમાં શ્રદ્ધા, પરિસ્થિતિનો સ્વીકાર અથવા વિરોધ, અને સંતોષી જીવન જેવાં નિરાકરણો તરફ દૃષ્ટિ કેળવતાં જોવા મળે છે.

વાર્તાકારે એમની વાર્તાઓ દ્વારા સ્ત્રી વિરોધી સમાજવ્યવસ્થા સામે વિરોધ નોંધાવ્યો છે. એમની વાર્તાઓમાં જોવાય છે કે મોટાભાગનાં પાત્રો આવી બાબતો ન ગમવાથી ચૂપચાપ એ સ્થિતિમાંથી પલાયન થઈ સ્વતંત્રતાના માર્ગે આગળ વધે છે. પરિસ્થિતિ ગમે તેવી હોય પણ એમાંથી બહાર નીકળવાનો માર્ગ એમનાં પાત્રો શોધી લે છે. એમનાં જૂજ પાત્રો જ 'જેવા સાથે તેવા'ના સિદ્ધાંતને અપનાવી આવી સ્થિતિનો સામનો કરે છે. આ સ્ત્રીપાત્રોને કોઈનું ગુલામ બનીને જીવવું પસંદ નથી. માટે જ તેઓ આધિપત્યનો હિંમતભેર સામનો કરતાં જોવા મળે છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓને તપાસતાં જણાય છે કે એમનાં પાત્રો પોતાની ઇચ્છા મુજબ કાર્ય કરવા શાંતિથી કામ લે છે. કોઈનેય નડતરરૂપ બન્યા વગર તે ધીરે રહીને એ પરિસ્થિતિમાંથી ખસી જવાનો પ્રયત્ન કરે છે. કારણ સિવાય વધુ પડતાં ઉગ્ર બનવું, કોઈની ઈર્ષ્યા કરવી વગેરે એમને પસંદ નથી. માટે જ એમની વાર્તાઓમાં ક્રોધની ભાવનાનો સંઘર્ષ માત્ર ત્રણ વાર્તામાં, ઈર્ષ્યાનો સંઘર્ષ માત્ર બે વાર્તામાં અને ભય વાર્તાનો સંઘર્ષ માત્ર એક જ વાર્તામાં જોવા મળ્યો છે.

કેટલીક વાર્તાઓમાં ભાવનાઓનો સંઘર્ષ સહન ન કરી શકતાં પાત્રો પણ જોવા મળે છે. સંઘર્ષના કારણે નાસીપાસ થઈ આત્મહત્યા કરી લેતાં પાત્રો પણ અહીં જોવા મળે છે. ભાવનાત્મક સંઘર્ષની અતિશયોક્તિની માઠી અસરોનું આલેખન પણ અહીં છે. 'કરોળિયાનું ઘર' વાર્તાની વૃદ્ધ નાયિકા ભાવનાત્મક સંઘર્ષને કારણે વધુ ઉત્તેજિત થઈ જાય છે. માંદગીમાં હોવાના કારણે તે આ ઉત્તેજના સહન કરી શકતી નથી અને મૃત્યુ પામે છે. અંતિમ ઘડીઓમાં પણ તે પુત્રોને મિલકતમાંથી બાકાત કરીને તૃપ્ત થતી જોવા મળે છે. 'અતૃપ્તિ' વાર્તાની મનોરમા રસોઈ બનાવતાં નંદુના વિચારોમાં ખોવાય છે. આ સ્થિતિમાં એનો ભાવનાત્મક સંઘર્ષ તીવ્ર બનતાં તે ભાન ભૂલે છે. રસોઈ બનાવતાં ગંભીર રીતે દાઝે છે જે એના મૃત્યુનું કારણ બને છે. 'દાદાજી! ઓ દાદાજી!' વાર્તાના જીદુનાથને પણ કલ્યાણી વિનાના ઘરમાં ખાલીપો અનુભવાય છે.

ભાવનાત્મક સંઘર્ષની તીવ્રતા વધતાં તેને હ્રદયરોગનો હુમલો આવે છે અને તે મૃત્યુ સમીપે પહોંચી જાય છે. 'એક રાતની વાત' વાર્તાની રાધા પણ બાળકના મૃત્યુનો આઘાત સહન કરી શકતી નથી. જેના કારણે તે માનસિક સંતુલન ગુમાવી બેસે છે. 'સર્વનાશ' વાર્તાની મધુરી આવેશમાં આવી જતાં ગંભીર રીતે દાઝે છે. જેના કારણે અંતે મૃત્યુ પામે છે. આમ, એમની વાર્તાઓમાં ઇચ્છનીય અને અનિચ્છનીય નિરાકરણો જોવા મળે છે.

કેટલીક વાર્તાઓમાં સંઘર્ષનું શમન જોવા મળતું નથી. એમનાં કેટલાંક પાત્રો સંઘર્ષમય સ્થિતિમાંથી બહાર નીકળવાના પ્રયત્નો જ કરતાં નથી. વિરોધ દર્શાવવાની હિંમત ન કરી શકવાને કારણે તેઓ સંઘર્ષની સ્થિતિનો સ્વીકાર કરે છે. આ સ્વીકારમાં તેમના સંઘર્ષનું શમન જોવા મળતું નથી.

કેટલીક વાર્તાઓમાં પાત્રોની ઇચ્છા તૃપ્ત થતી નથી. એ અતૃપ્તિના કારણે સંઘર્ષની સ્થિતિ વધુ ઘેરી બને છે. ત્યાં જ વાર્તાનો અંત આવે છે. આમ, અહીં નિરાકરણ દર્શાવ્યું ન હોય તેવી પણ વાર્તાઓ છે પરંતુ, આવી વાર્તાઓનું પ્રમાણમાં ઓછી જોવા મળે છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓને ભાવનાત્મક સંઘર્ષ સંદર્ભે સમગ્રતયા જોતાં અહીં ઇચ્છનીય અને અનિચ્છનીય નિરાકરણોનું આલેખન છે. મહદંશે એ સંઘર્ષમાંથી બહાર આવવાનાં સકારાત્મક નિરાકરણો આલેખાયાં છે. સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું નિરાકરણ ના હોય એવી વાર્તાઓનું આલેખન જૂજ માત્રામાં થયેલું જોવા મળે છે.

---

[i] 'વધુ ને વધુ સુંદર', લેખિકા: કુન્દનિકા કાપડીઆ, પ્ર.આ.૧૯૬૭, પૃ. ૧૭૪

[ii] 'કાગળની હોડી', લેખિકા: કુન્દનિકા કાપડીઆ, પ્ર. આ.૧૯૭૮, પૃ. ૧૪